બાળોપયોગી

વિદ્યુધમાળ

ભાગ ૧



:પ્રકાશક:

જીવનલાલ અમરશી મહેતા

અમદાવાદ અને મુંબઈ.

બાલોપયોગી—

સંવાદ પુષ્પમાળા

ભાગ ૧ લો.

(બાળવર્ગથી ધો. ૪થા સુધીનાં બાળકો માટે.)

સંયોજક:

ચંદુલાલ ચુનીલાલ ત્રિવેદી,

આસિ. માસ્તર, ગુજરાતી પ્રેક્ટિસિંગ સ્કૂલ
પી. આર. ટ્રેનિંગ કોલેજ; અમદાવાદ.

પ્રકાશક:

જીવનલાલ અમરશી મહેતા; અમદાવાદ.

કિંમત સચિત્ર રૂ. ૦-૮-૦
,, ચિત્રવિનાની રૂ. ૦-૬-૦

આવૃત્તિ ૧ લી
પ્રત ૧૧૦૦.
ઇ. સ. ૧૯૨૯

મુંબઈના એજન્ટ:
જીવનલાલ એન્ડ સન્સ
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ; કાલબાદેવી–૨.

મુદ્રક:
દેવીદાસ છગનલાલ પરીખ,
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ:
સલાપોસ રોડ;—**અમદાવાદ.**

ભાગ ૧લાની અનુક્રમણિકા.

ગીત.

પ્રસ્તાવના.

સાહિત્યનો વિકાસ અને તેની પ્રગતિની ભિન્ન ભિન્ન દિશાઓને સમાજની ઉન્નતિ સાથે નિકટનો સંબંધ છે. સમાજની ઉન્નતિ ઉપર દેશોન્નતિનો આધાર છે. કાળબળે કરીને ભાષાની ખીલવણી થાય છે, અને ક્રમે ક્રમે સાહિત્યનો વિકાસ પણ સધાય છે. અનેક દૃષ્ટિબિંદુથી આ કાર્ય ચાલે છે, તેમાં લેખકનો એક નહિ તો બીજો ગમે તે હેતુ હોય, તોપણ એથી કરીને લખાણના વાચનની સમાજ ઉપર કંઇક વિલક્ષણ અસર થાય છે, એટલું તો નક્કીજ.

સામાજિક વાતાવરણ ઉપર જેની જાદુઇ અસર થતી હોય અથવા તો સમાજને ઘડવામાં કોઈ અગત્યનું સાધન હોય, તો તે સાહિત્યમાંનો એક વિભાગ છે, અને તે '**નાટકો**' છે. સૈકાં થયાં કેટલાંએ નાટકો લખાય છે, વંચાય છે, ને ભજવાય છે. વંચાય ત્યારે જે અસર થાય, તેના કરતાં ભજવાય ત્યારે તેની ઉંડી છાપ પડે છે. કારણ એટલુંજ કે વાંચનારને વિચાર કરીને ગ્રહણ કરવા પ્રયત્ન કરવો પડે, તે કરતાં પાત્રો પ્રત્યક્ષ આવીને અભિનયદ્વારા જે દૃશ્ય ખડું કરે છે, તે મૂર્તિમંત હોવાને કારણે હૃદયના ઉંડા પડમાં સોંસરૂં પેસી જાય છે. સમાજના બંધારણ ઉપર નાટકો કેટલી રીતે અસર કરે છે, તે વિષે જેટલું કહીએ તેટલું ઓછું છે.

શાળામાં જે બાળકો શિક્ષણ મેળવે છે, તેમને માટે આ દિશામાં શું શું થઇ શકે ? શું શું કરવા ધાર્યું હોય, તો તે વાસ્તવિક લેખાય ? જે કંઈ કરીએ એથી શિક્ષણના કાર્યને સુદૃઢ કરવાનું બની શકે કે કેમ ? અને સામટે મેળે જોતાં એ રીતે કરેલું કાર્ય બાળકોનું ભવિષ્યનું જીવન ઘડવામાં સહાયક થાય કે કેમ ? આ અને એવા બીજા અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય, તેનો એકજ ઉત્તર છે, અને તે એ કે શાળામાં શીખવવાના વિષયોમાંથી બને તેટલા વિષયોમાંના યોગ્ય ને મુકરર વિભાગોના કાર્યને મૂર્તિમંત સ્વરૂપ આપવું.


હવે સ્વાભાવિક પ્રશ્ન થશે, કે શિક્ષણ વિષયક કાર્યને મૂર્તિમંત સ્વરૂપ આપવું એટલે શું ? આનો જવાબ એટલોજ છે, અને તે એ કે '**સંવાદ**' અને '**નાટય પ્રયોગ.**'

પરંતુ આ કાર્યમાં સંકુચિત દૃષ્ટિબિંદુ રાખવું નહિ. પ્રત્યેક વિષયના શિક્ષણને મૂર્તિમંત સ્વરૂપ આપવાનું બની શકે છે અને તે માટે એક નહિ તો બીજી રીતે કામ કરવામાં આવે, તો તે અનુકૂળ પણ થઈ પડે છે. આ વિષે આરંભમાં કદાચ મુશ્કેલી લાગશે, અથવા પરાપૂર્વથી ચાલતા આવેલા મંતવ્ય આગળ એ કદાચ નવીન સ્વરૂપનું કાર્ય થઈ પડશે; પરંતુ વાસ્તવિક રીતે જોતાં તેવું કંઇજ નથી. જે દેશનું નાટયસાહિત્ય ઘણું આગળ વધેલું છે, તેજ ભારતવર્ષનાં આપણે સંતાન છીએ, અને આપણી શાળાના શિક્ષણમાં સંવાદ કે નાટયપ્રયોગને સ્થાન આપવાનું બની આવે, તો તે અતિ આવકારદાયક લેખાય એમ હરકોઈ કબુલ કરશે.

આવાં આવાં કારણોને લઇને **'સંવાદ પુષ્પમાળા'** ની યોજના કરવાનો સંકલ્પ થયો, અને તેના પ્રકાશક તરીકેનું કામ ભાઇ જીવનલાલે સ્વીકાર્યું તેના પરિણામે આ બે ભાગમાં પ્રકટ કરવાનું બની આવ્યું. હરકોઈ દૃષ્ટિબિંદુથી એનો ઉપયોગ થશે, અને શિક્ષણવિષયક કાર્યમાં નાટય-પ્રયોગને મળેલા સ્થાનમાં તેની આવશ્યકતા જણાશે તેટલે અંશે પ્રયાસમાં સફળતા ગણાશે. અસ્તુ.

છેવટે આ **'સંવાદ પુષ્પમાળા'** યોજવામાં સ્નેહીઓ તરફથી મળેલી સહાનુભૂતિ ખાતર તેમનો ઉપકાર માનવો ઘટે છે, અને આ નવીન પ્રયાસ હોવાથી ભૂલદોષ માટે વાચક પાસેથી ક્ષમા માગવી ઘટે છે.

કપડવંજ. } **ચંદુલાલ ચુનીલાલ ત્રિવેદી.**



પુષ્પ ૧ લું—"વૈદરાજને ઘેર

શાળોપયોગી સંવાદ.

પુષ્પ ૧ લું.

વૈદરાજને ઘેર.

પાત્રો.

નરેશ } :—બે છોકરા.
રમેશ }

હરિશંકરઃ—વૈદરાજ.

બે વૈતરા.

સાધનોઃ—દવાની સીસીઓ, ગોળીઓ, ટીકડીઓ, ખાંડ ઓગાળેલું પાણી, ખલબત્તા, કાગળ, પેન્સિલ, ગાદીતકીઓ, વગેરે.

પ્રવેશ ૧ લો.

રસ્તો.

નરેશઃ—રમેશભાઈ, કયાં ચાલ્યા ?

રમેશઃ—(દવાની સીસી બતાવી) હરિશંકર વૈદને ત્યાં.

નરેશઃ—વૈદને ત્યાં ? શું કરવા ?

રમેશઃ—તાવને તગડી કાઢવા. જેને તાવ આવે તે વૈદ પાસે જાય.

નરેશઃ—વૈદ શું કરે ?

રમેશઃ—વૈદ પૈસા લે ને દવા આપે. દવા પીધે તાવ મટે.

નરેશઃ—મારૂંએ માથું દુઃખે છે. તેની દવા મળશે ?

રમેશઃ—હા. મારી સાથે ચાલોને.

નરેશઃ—(ગજવામાં હાથ ઘાલી) મારી પાસે તો દોઢીઉં-
એ નથી. દવા વગર પૈસે મળે તો આવું.

રમેશઃ—મફત દવા ગરીબને મળે. તમે કંઇ ગરીબ નથી.
પણ કંઈ નહિ. હરિશંકર વૈદ મને ઓળખે છે,
એટલે દવાની ફીનું થઈ પડશે.

નરેશઃ—ત્યારે તો ચાલો.

રમેશઃ—હા ચાલો. એકથી બે ભલા.

પ્રવેશ ૨ જો.

વૈદનું ઘર.

રમેશઃ—જુઓ નરૂભાઇ, પેલા સામે વૈદ બેઠા છે. તેમની
પાસે બે વૈતરા છે તે દવા વાટે છે. વૈદ દવા
તૈયાર કરે છે. ચાલો, આપણે તેમની પાસે જઇએ.

(બંને વૈદ પાસે આવે છે.)

રમેશઃ—વૈદકાકા, દવા આપો.

હરિશંકરઃ—રમેશ, હવે તાવ કેમ છે ?

રમેશઃ—છે એમનું એમ છે.

હરિશંકરઃ—તારો હાથ લાવ. (વૈદ રમેશની નાડી જુએ
છે.) જીભ બતાવ. દવા બરાબર પીએ છે, કે નહિ ?

રમેશઃ—અરે, કાકા દવા કડવી વખ હોય છે, છતાં બધીએ
ગટગટાવી જાઉં છું; પણ તાવ તો મારો કેડો જ
છોડતો નથી.

હરિશંકરઃ—ઠીક, આજ દવા બદલું છું. તેનાથી ઝટ
તાવ ઉતરી જશે. (વૈદ દવા તૈયાર કરે છે.) આ
તારી સાથે કોણ છે ?

રમેશઃ—એ તો મારા મોહનફુઆના નરૂ છે. તેમનું માથું
દુઃખે છે. એમને માથાની દવા જોઇએ છે.

હરિશંકરઃ—એમ કે ? આમ આવ જો, નરૂ. [વૈદ નરેશની નાડી, જીભ ને પેટ તપાસે છે. ખાંડના પાણીવાળી સીસીમાંથી એક ગ્લાસમાં થોડું પાણી કાઢે છે. બીજી સીસીમાંથી બે ટીકડીઓ કાઢે છે.] લે નરૂ, આ પ્યાલામાંની દવા પી જા. આ બે ટીકડીઓ ઘેર જઈ ગળી જજે. [પછી માથે બામ ઘસે છે.] સાંજે માથું દુઃખતું બંધ થઇ જશે હોં. ગભરાઇશ નહિ. [કાગળમાં પેન્સિલથી નરેશની દવાના પૈસા લખી રમેશને આપે છે.] લે રમેશ, આ કાગળ. તારા મોહનકુઆને આપજે.

રમેશઃ—સારૂં. (બંને જાય છે.)

પ્રવેશ ૩ જો.

રસ્તામાં.

નરેશઃ—રમેશ, વૈદે કાગળમાં શું લખ્યું છે ?

રમેશઃ—તમારી દવાના પૈસા લખ્યા છે.

નરેશઃ—તમે કહેતા હતા ને કે વૈદ મારા ઓળખીના છે, તે મફત દવા આપશે.

રમેશઃ—ભાઈ, વૈદને કોઇની શરમ રાખે ન પાલવે, પણ તમારે કયાં પૈસા આપવા છે ? એ તો ઘણાએ મારા મોહનકુઆ આપશે. હું કહીશ કે હું નરૂને વૈદ્યને ત્યાં લઇ ગયો હતો.

નરેશઃ—એ તો ઠીક, પણ આજથી જાણી લીધું, કે વૈદને ઘેર જવું ત્યારે ઘેર પૂછીને જવું.

(બંને જાય છે.)

પુષ્પ ૨ જું.

બાળ વેપારી.

પાત્રો.

કનુ }
મનુ } :—બે ભાઈ.

વેપારી.

સાધનો:—ગોળીઓ, ટીકડીઓ, રેવડી, પતાસાં, ને તે રાખવાનાં સાધનો, વગેરે.

કનુ:—વાહ રે વાહ!! આ કેવી મઝાની દુકાન છે?

મનુ:—ભાઈ, તમે શું શું વેચો છો?

વેપારી:—હું રેવડી, પતાસાં, ગોળીઓ, ટીકડીઓ, વગેરે વેચું છું.

મનુ:—એક પૈસાની કેટલી ગોળીઓ આપો છો?

વેપારી:—એક પૈસાની પંદર ગોળીઓ મળશે.

કનુ:—અમને એક પૈસાની ૧૬ આપો.

વેપારી:—મારી દુકાને ભાવ એકજ છે.

મનુ:—પણ અમે બે છીએ ને. સોળ આપો તો આઠ આઠ વહેંચી લઇએ ને.

વેપારી:—તો ભલે તમને સોળ આપીશ.

મનુ:—તો લો આ આનો. અમને એક પૈસાની ગોળીઓ આપો.

વેપારી:—લાવો આનો. લો આ સોળ ગોળીઓ.

મનુ:—કનુ, કેવી સુંદર ગોળીઓ છે! લે, આ આઠ ગોળીઓ તું લે. ચાલ હવે ઘેર જઇએ.

વેપારી:—ભાઈ, આ ત્રણ પૈસા પાછા લો.

મનુ:—હા, લાવો, ભાઇ. જો, કનુ, આ વેપારી કેવો ભલો છે! હું પૈસા લેવા ભૂલી ગયો, પણ તેણે કેવા પાછા આપ્યા? વળી એક ગોળી પણ વધારે આપી. ભાઇ, અમે રોજ તમારી દુકાને માલ લેવા આવીશું.

કનુ:—જો મનુ, પેલા બીજા ઘરાકો તેની દુકાને માલ લેવા આવે છે.

મનુ:—આવા ભલા વેપારીની દુકાને ઘણા ઘરાકો આવે તેમાં શી નવાઇ? એનું બોલવું પણ કેવું મીઠું છે!

કનુ:—ભાઈ મનુ, બધા જ વેપારીઓ આવા માયાળુ ને ભલા હોય તો કેવું સારૂં!

મનુ:—ઘણું સારૂં. તેમનો વેપાર સારો ચાલે, ભગવાન રાજી થાય અને લેનારદેનાર સુખી થાય. (બંને જાય છે.)

પુષ્પ ૩ જું.

પોપટનું પાંજરૂં.

વિનુ:—એક નાનો છોકરો.

સુમન:—વિનુનો મોટો ભાઈ.

સાધન—પોપટ સહિત પાંજરૂં.

વિનુ:—મારા મોટાભાઈ બહુ સારા છે. તે રોજ બજારમાં જાય છે, ને મારા સારૂ કંઈ નવું નવું લાવે છે. આજે પણ બજારે ગયા છે, તે કંઇક લાવશે. ઓ આવે. ઓહો! મોટાભાઈ, આ શું છે?

સુમન:—ભાઈ, એ પાંજરૂ છે.

વિનુ:—એમાં આ શું છે ?

સુમન:—એ પોપટ છે.

વિનુ:—વાહ ! પોપટનો રંગ કેવો મઝાનો છે !

સુમન:—કનુ, પોપટનો રંગ કેવો છે ?

વિનુ:—એ પાંદડા જેવો લીલો છે. પણ, ભાઈ, આ એના ગળે કાળા લીટા જેવું શું છે ?

સુમન:—એ એનો કાંઠલો છે.

વિનુ:—અને આ લાલ છે તે ?

સુમન:—એ એની ચાંચ છે. એના વડે એ ખાય.

વિનુ:—એ શું ખાય ?

સુમન:—દાળ, ભાત, રોટલી ને ફળ. મરચાં તો એને બહુ જ ભાવે.

વિનુ:—મોટાભાઇ, આ એના બે પગ છે, ખરૂં ને ? પણ એના હાથ ક્યાં છે ?

સુમન:—એને હાથ નથી પણ બે પાંખો છે. જો, એ ફડફડ થાય છે.

વિનુ:—પાંખો વડે એ શું કરે ?

સુમન:—એનાથી એ ઊડે.

વિનુ:—વાહ ! મારે પણ પાંખો હોય તો કેવું સારૂં ! ! હુંએ ઉડું ! ! ! મોટાભાઇ, એ કંઈ બોલે ખરો કે ?

સુમન:—હા, આપણે જેવું બોલાવીએ તેવું તે બોલે.

વિનુ:—ત્યારે તો એ મને બહુજ ગમશે. મને તેની સાથે રમવા દેશો ?

સુમનઃ—ભલે, રમજે. પણ તું એને રોજ ખાવાનું ને પાણી પીવાનું આપજે.

વિનુઃ—સારૂ, પણ હું એને શું બોલાવું ?

સુમનઃ—હું તને શીખવું તે બોલાવજે. બોલ, પોપટ પંખી.

વિનુઃ—પોપટ પંખી.

સુમનઃ—લાલ સુરંગી.

વિનુઃ—લાલ સુરંગી.

સુમનઃ—ચતુર સુજાણ.

વિનુઃ—ચતુર સુજાણ.

સુમનઃ—બોલો, પોપટજી.

વિનુઃ—બોલો, પોપટજી.

સુમનઃ—શ્રી ભગવાન.

વિનુઃ—શ્રી ભગવાન.

સુમનઃ—ફરીથી બોલી જા.

વિનુઃ—પોપટ પંખી, લાલ સુરંગી, ચતુર સુજાણ, બોલો પોપટજી, શ્રી ભગવાન.

સુમનઃ—બરોબર

વિનુઃ—વાહ ! મોટાભાઈ, આ કેવું મઝાનું ! ! તમારે મન તો હું પોપટ, પણ આ તો મારો સાચો પોપટ ! ! !

સુમનઃ—ચાલ, હવે આપણે તેને ખાવાનું આપીએ.

વિનુઃ—ચાલો, મોટાભાઇ, આજ તો બહુ મઝાનું લાવ્યા.

(બંને જાય છે.)

પુષ્પ ૪ થું.

આંધળો ભિખારી.

પાત્રો.

આંધળો—ચીંથરેહાલ ભિખારી.

જસુ }
હસુ } :—બે ભાઇ.

સાધન:—લાકડી, પૈસો, સેવમમરા, રોટલો, અથાણું ને ઝોળી.

ભિખારી:—દયા ધર્મ કો મૂળ હય, પાપમૂળ અભિમાન;
તુળસી દયા ન છોડીએ, જબ લગ ઘટમેં પ્રાણ.
....સીયાવર રામચંદ્રકી જય.


કોઇ મને આંધળા ભિખારીને આપો. ભગવાન તમારૂં ભલું કરશે.

જસુ:—હસુ, જો આ બિચારો આંધળો કેવો દુઃખી છે?

હસુ:—તેમાં આપણે શું કરીએ? એને કંઇ આપણે આંધળો કર્યો છે?

જસુ:—એ બિચારો ભૂખ્યો હોય એમ લાગે છે. ચાલ, આપણે તેને કંઇક ખાવાનું લાવી આપીએ. મારી પાસે એક પૈસો છે.

હસુ:—બાએ એ પૈસો તો તને ખાઉ ખાઉ ખાવા આપ્યો છે, તું જ પૈસાનું ખાઉ લાવીને ખાને.



પુષ્પ ૪ થું - "આંધળો ભિખારી"

જસુ:—આપણે તો ઘેર જઇનેએ ખાઈશું; પણ આ બિચારાને કોણ ખાવાનું આપશે? એ તો એકલો છે, આંધળો છે ને વળી ગરીબ છે. એની પાસે પહેરવાને લુગડાં બરાબર નથી, ખાવાને અન્ન નથી અને પૈસાએ નથી. આવા આંધળા ગરીબને મદદ કરીએ તો ભગવાન રાજી થાય, એમ બાએ નહોતું કહ્યું?

હસુ:—હા, ખરી વાત છે. તો ચાલ આપણે તેની પાસે જઈએ, અને તેને ખાવાનું લાવી આપીએ. (બંને ભિખારી પાસે આવે છે.) અલ્યા ભાઈ, તું કેમ આમ ભીખ માગે છે?

ભિખારી:—ભાઈ, મારી પાસે કશું ખાવાનું નથી. હું ત્રણ દિવસનો ભૂખ્યો છું. આંધળો છું ને ઘરડો છું, એટલે કશું કામ પણ કરી શકતો નથી. મારી પાસે કંઇ પાઇપૈસોએ નથી.

જસુ:—તારે રહેવાનું છે કે નથી?

ભિખારી:—ના, બાપુ, ના. આમ આખો દિવસ માગતો ફરીશ, અને કંઇક ખાવાનું મળશે તો તે ખાઇ રસ્તાની બાજુએ પડી રહીશ.

હસુ:—તારે કોઇ સગું નથી?

ભિખારી:—સગામાં શ્યામ, વ્હાલામાં રામ, રહેવાને ગામ, ને પહેરવાને ચામ સિવાય કશું જ નથી. ભાઇ, શું કહું? હું બહુ દુઃખી છું. કંઈ ખાવાનું આપો તો ભગવાન તમારૂં ભલું કરશે.

હસુઃ—જસુ, આ બિચારો બહુ જ ભૂખ્યો છે. તું ઉભો રહે, હું ઘેર જઇ બા પાસેથી કંઇક ખાવાનું લઈ આવું. (હસુ જાય છે.)

જસુઃ—અલ્યા ભાઈ, તું અહીં ઉભો રહે. હું એક પૈસાના સેવમમરા લાવી આપું.

ભિખારીઃ—વારૂ, જાઓ. હું તો આ બેઠો. (જસુ જાય છે.) વાહ પ્રભુ, નોધારાનો તું જ આધાર છે. સારા શહેરમાં કેટલાંએ માણસો કોલાહલ મચાવી રહ્યાં છે, પણ મારા જેવા આંધળાની કોને પરવા હોય, અથવા હું તેમને શા કામનો કે તેઓ મને જીવાડે ? હશે, મારૂં દૈવ. પ્રભુ, તને જ સૌની પડી છે, કે આમ દરેકનું પુરૂં કરે છે. દાંત સાથે ચાવણું તો તું જ દે છે. (હસુ રોટલો ને અથાણું લઇ આવે છે.)

હસુઃ—અલ્યા ભાઈ, લે, આ અથાણું ને રોટલો, તે ખા ને પાણી પી. હું પાણીનો લોટો પણ ભરી લાવ્યો છું.

ભિખારીઃ—લાવો, બાપા. ભગવાન તમારૂં ભલું કરશે.

હસુઃ—કાલે અહીં આવજે. મારી બા કેટલાંક લુગડાં કાઢી રાખશે તે તને હું કાલે આપીશ. (હસુ સામો બેસે છે. જસુ આવે છે.)

જસુઃ—વાહ, હસુ, તેં તો એને ખાવાએ બેસાડી દીધો ને ! હુંએ સેવમમરા લઈ આવ્યો. લે ભાઈ ખા.

ભિખારીઃ—બહુ થઈ ગયું, બાપુ.

હસુઃ—વધે તે બાંધી રાખજે. મોડી ભૂખ લાગે ત્યારે ખાજે. પણ કાલ જરૂર આવજે. જસુ, બા તેને દેવા માટે લુગડાં કાઢવાની છે !

ભિખારીઃ—આવીશ ભાઇ. તમે પ્રભુનાં બાળક છો. ઈશ્વર તમને મોટા કરશે ને સુખી કરશે. બહુ ભણશો ને ઘણું કમાશો. મારી ગરીબની આંતરડી ઠારી એથી ભગવાન તમારૂં ભલું કરશે.

જસુઃ—અલ્યા ભાઇ, તને કંઈ ભજન ગાતાં નથી આવડતું ?

ભિખારીઃ—આવડે છે ને. બોલું બાપા. સાંભળો.

આંખ વિના અંધારૂં રે
　　સદાય મારે આંખ વિના અંધારૂં.
કોઇ કહે લાલ લીલું, આ ધોળું ને આ પીળું;
મારે મન સઘળું કાળું કાળું રે-સદા.

(સાંભળેલું.)

પુષ્પ ૫ મું.

નાણું.

પાત્રો.

પાઈ, આની, બેઆની (રૂપાની)
અધેલો, બેઆની, પાવલી (,,)
પૈસો, ઢબુ, પાવલી, (નિકલની)
અડધો, રૂપીઓ.

પાઈઃ—મારૂં નામ પાઈ, મારે નાનાં છોકરાં સાથે જ સગાઈ.

(અધેલો આવે છે.)

અધેલોઃ—અને હું તારો ભાઇ. ખરૂં ને બેન ?

પાઈઃ—અરે ! અધેલા ભાઈ, તમે આમ છેક કેમ સુકાઇ ગયા ?

અધેલો:—મને ક્ષયરોગ લાગુ પડયો છે, એટલે હવે તો મારે મરે જ છુટકો. પણ પાઈ બેન, તમને એ જીરણ તાવ આવે છે, કે શું ?

પાઈ:—હા ભાઇ, એમજ છે. આપણી કિંમત થોડી એથી આપણી ગણના ઓછી થવા માંડી છે. દુનિયામાં આપણને લોકો હવે નકામાં ગણે છે. એ ચિંતાએ તો હું બળી જાઉં છું.

અધેલો:—છતાં બેન, તને તો કેટલાંક નાનાં છોકરાંએ સંભારે છે. મોટા માણસો પણ લીલા ધાણા ને મરચાં લેવામાં તને વાપરે છે, ને ઘરડી ડોશીઓ ઠાકોરજીને સમજાવવા તને કોથળીમાં એકઠી કરે છે.

પાઈ:—પણ હવે એ બધી જગાએ આપણા વહાલા ભાઈ પૈસાની વાતો થાય છે.

(પૈસો આવે છે.)

પૈસો:—તેમાં હું શું કરૂં ? મને પણ એકાંતરીઓ તાવ તો આવે છે જ. પેલો આનો એક નવાઇનો જાગ્યો છે, તે મારી પાછળ પડયો છે. એનું કામ વધી પડયું છે.

પાઈ:—અહોહો ! વહાલા ભાઈ, મોટાભાઇ ઢબુની શી ખબર છે ?

(ઢબુ આવે છે)

ઢબુ:—આ રહ્યો હું. " તમારા જેવી મારી પણ દશા છે. લોકો હવે તાંબાનાણાની કિંમત નથી સમજતા, છતાં ગણતરીમાં વપરાઇએ છીએ એટલો સંતોષ માનોને. ત્રણ પાઇ કે બે અધેલા ભેગા કરે ત્યારે પૈસો થાય અને બે પૈસા ભેગા કરે ત્યારે ઢબુ થાય.

અધેલોઃ—અને બે ઢબુ, ચાર પૈસા, આઠ અધેલા, કે બાર પાઈ ભેગી થાય ત્યારે આનો થાય.

પૈસોઃ—ત્યારે તો આપણા વડે આનો.

(આનો આવે છે.)

આનોઃ—હા, ભાઈ, હા, તમારા વડે જ હું.

પૈસોઃ—ભાઇ, તું તો નવી નાત છે ?

આનોઃ—હા, હું નિકલનો બનું છું. ચોરસ બે આનીઓ અને મારા આકારની પાવલીઓ મારી નાતની છે. અડધો અમારી નાતનો બન્યો હતો, પણ લોકોએ એને કાઢી મૂકયો.

(નિકલની બેઆની અને પાવલી આવે છે.)

(નિકલની) **બે આનીઃ**—ભાઇ, લોકોને ને રાજાને અમારી જરૂર પડી તો અમને બનાવ્યાં.

(નિકલની) **પાવલીઃ**—કેટલાક લોકો કલાઇના આના, બેઆના અને પાવલીઓ બનાવી અમને વગોવે છે. પણ ઠીક છે કે લોકો તેમને પારખીને ફેંકી દે છે.

(રૂપાની બેઆની ને પાવલી આવે છે.)

(રૂપાની) **બેઆનીઃ**—આ રહી એ બે બેનો. એ આપણને કાઢી મૂકવાનું કરે છે.

(રૂપાની) **પાવલીઃ**—પણ તું શું કરવા બીએ છે? લોકો કયાં નથી જાણતા કે આપણે રૂપાનાં તે રૂપાનાં અને એ નિકલનાં તે નિકલનાં ? એ તો નકલ ને આપણે તો અસલ.

(નિકલનાં) **આનો, બેઆની ને પાવલીઃ**--તમે અસલ, અસલ, અસલ; અમે નકલ, નકલ, તે નકલ.

અડધોઃ—ભાઈ, તમે શા માટે બડબડો છો? આપણે બધાય છેવટે એક જાતના સિક્કા જ. કોઇ તાંબાના, કોઇ નિકલના તો કોઇ રૂપાના. આપણે બધાએ નાણું જ ગણાઇએ. રૂપીઓ આપણો રાજા, હું એનો પ્રધાન, આનો બેઆની ને પાવલી એ લાવ-લશ્કર ને પૈસો પાઈ પ્રજા. આપણું એ રાજ્ય.

(રૂપીઓ આવે છે.)

રૂપીઓઃ—બરાબર છે. હું તમારો રાજા. તમારૂં મારાથી રક્ષણ ને તમારા વડે મારૂં ચલણ. તમારા વડે હું ને મારા વડે તમે. સર્વેને એક બીજાની ઓથ. આપણા દેશમાં ગિનિનું સોનાનાણું હતું, ત્યારે એનું રાજ ચાલતું હતું; પણ સરકારે તેને આપણા દેશમાંથી પદભ્રષ્ટ કરી કાઢી મૂકી ને મને રાજા બનાવ્યો.

આનોઃ—રાજાજી, તમે તો જબરા. મારાથી સોળ ગણા, બેઆનીથી આઠ ગણા, પાવલીથી ચાર ગણા ને ને અડધાથી બમણા.

પાઈઃ—મારાથી ૧૯૨ ગણા, અધેલાથી ૧૨૮ ગણા, પૈસાથી ૬૪ ગણા ને ઢબુથી ૩૨ ગણા જબરા.

રૂપીઓઃ—મારાથી જોરાવર ગિનિ. પણ સૌથી જોરાવર તો ઇશ્વર.

અડધો:—નોટોનાં કાગળીઆં કેમ ગણુતા નથી? પેલી રૂપીઆની નાની સરખી નોટે ઓછું જોર કર્યું હતું? અઢી રૂપીઆનુંએ કાગળીઉં નીકળ્યું હતું. સારૂં થયું કે એ માયા થોડા વખતમાં હતી ન હતી થઇ ગઇ.

રૂપીઓ:—ખરી વાત છે. પાંચ, દસ, પચાસ, સો, પાંચસો, હજાર, વગેરેની નોટો પણ ચાલે છે. એ ઠીક છે. જો આપણુને કે આપણામાંના એકને જ ઘડયા હોત તો લોકોનાં ગજવાં ફાડત. ઈશ્વર જે કરે છે તે સારૂં જ કરે છે.

પુષ્પ ૬ ઠું.

હોશિયાર કનુ.

કનુ:—મોટો ભાઈ.

મનુ:—નાનો ભાઇ.

તેમનો બાપ.

સાધન:—રકાબી ને બે પુરીઓ.

કનુ:—મનુ, એ મનુ, જો હું ત્રણ સુંદર પુરીઓ લાવ્યો છું.

મનુ:—કયાં છે? જોઉં જો. આ તો બે પુરીઓ છે.

કનુ:—અરે! ત્રણ છે.

મનુ:—ત્યારે હું તો બે જ જોઉં છું.

કનુ:—એનું કારણ તું નાનો છે, માટે. ગણી બતાવું?

મનુ:—હા, ગણી બતાવ જોઉં.

કનુઃ—જો આ એક.

મનુઃ—હા એક, ને આ બે, ત્રીજી ક્યાં છે?

કનુઃ—આ એક ને આ બે. એક ને બે ભેગા કરે તો ત્રણ થાય. તું ભણીશ ત્યારે ખબર પડશે.

મનુઃ—ઉં, ઉં. બે છે, બે છે. (રડે છે.) (બાપ આવે છે.)

બાપઃ—કનુ, મનુ કેમ રડે છે?

કનુઃ—બાપા, આ રકાબીમાં ત્રણ પુરી છે, એમ હું એને કહું છું. ગણી બતાવું છું, તોપણ માનતો નથી.

બાપઃ—ગણી બતાવ જો.

કનુઃ—જુઓ, બાપા. આ એક ને આ બે. એક ને બે ભેગા કરીએ તો ત્રણ ન થાય?

બાપઃ—શાબાશ, કનુ, શાબાશ. પુરીઓ ખરેખર ત્રણ જ છે તો એક પુરી મનુને આપ, એક પુરી મને આપ અને ત્રીજી પુરી રહી તે મારા ભણેલા હોશિયાર દીકરા, તું ખા.


મનુઃ—ખા, લે ખા. બાપા! ઠીક કર્યું. (કનુ ચોભીલો પડે છે.)

બાપઃ—જો કનુ, તું મનુને નાનો જાણી ચીડવે છે, તે ઠીક ન કહેવાય. તારે તો એને રમાડી રાજી રાખવો જોઇએ. લે, આ પુરી તું ખા. હવેથી મનુને ચીડવતો ના.

કનુઃ—વારૂ, બાપા, હવે હું મનુને નહિ ચીડવું. ચાલ મનુ, આપણે ઉજાણી ઉજાણી રમીએ.

મનુઃ—ચાલ, ઠીક મઝા પડશે. (બંને રાજી થઈ જાય છે.)

બાપઃ—છોકરાં આમ હળીમળીને ચાલે તો કેવાં વહાલાં લાગે! (જાય છે.)



પુષ્પ ૭મું - "રામા પટેલની ઓરડી"

પુષ્પ ૭ મું.

રામા પટેલની બોરડી.

પાત્રો.

ઘેલો }
ગાંડો } :—ત્રણ છોકરા.
ડાહ્યો }

રામા પટેલઃ—બોરડીના માલીક.

સાધનો:—બોરડીનો છોડ, ઝાંપો, પત્થર, દોરડું.

(ઘેલો ને ગાંડો.)

સ્થળ—રસ્તો.

ગાંડોઃ—અલ્યા ઘેલા, રામા પટેલની વાડીમાં બોરડી ઉપર બોર આવ્યાં છે ! ! ચાલને આજ રામા પટેલની વાડીએ.

ઘેલો—પણ રામા પટેલ વાડીમાં હશે ને ! રામા પટેલ તે કંઈ બોર ખાવા દે એવા છે ?

ગાંડો—રામા પટેલ વાડીએથી હમણાં જ ઘેર ખાવા આવ્યા છે. ચાલને એમના આવતા પહેલાં તો પુષ્કળ બોર તોડી લાવીશું.

ઘેલોઃ—પણ પટેલે ઝાંપે તાળું બાઝ્યું હશે ને ?

ગાંડો—તું ઘેલો તે ઘેલો જ રહ્યો. આ ગાંડો કંઈ કાચો નથી. પટેલનું તાળું ટકાનું ને ચાવી પાઈની. એક પત્થર મારતાં તો તાળું તૂટી જાય એવું છે. તું તારે બધી પંચાત મૂકીને ચાલ ને.

ઘેલોઃ—ચાલ ત્યારે. આજ બજારમાં પટેલની વાડીનાં બોર વેચાતાં હતાં. પેલા ડાહ્યાએ એક પૈસાનાં લીધાં હતાં. મને એક ખાવા આપ્યું હતું. મને તો બોર એવું સરસ લાગ્યું કે ડાહ્યાના હાથમાંથી બધાં જ બોર પડાવી લઉં, એમ થયું.

ગાંડોઃ—તો જલદી ચાલ. રામા પટેલ આવી પહોંચશે તો ખેલ બગડશે. (ડાહ્યો સામો મળે છે.)

ઘેલોઃ—અલ્યા ડાહ્યા, પેલા રામા પટેલનાં બોર કેવાં સરસ હતાં ?

ડાહ્યો—બહુ જ સારાં હતાં.

ગાંડોઃ—ચાલને ત્યારે અમારી સાથે.

ડાહ્યોઃ—ક્યાં ?

ઘેલો—રામા પટેલની વાડીએ. બોર ખાવા.

ડાહ્યો—બોર ખાવા વાડીએ શું કરવા જવું ? પટેલનો નોકર બોર વેચવા બજારમાં આવે છે. તેની પાસેથી જ વેચાતાં લઈને ખાજો ને. વાડીએ કંઇ સસ્તાં મળવાનાં છે ?

ગાંડોઃ—સસ્તાં નહિ પણ મફત મળવાનાં છે. તું પૈસાદારનો છોકરો તે પૈસાનાં લઈને ખાય. અમે જો અમારાં માબાપ પાસે પૈસો માગીએ તો ચૂંટી ખણે કે ધોકો મારે. અહીં તો મફત ખાવા મળે એ રસ્તો ખોળીએ.

ડાહ્યોઃ—ભાઇ, મફત મળે તો કોઇ પૈસા ન ખરચે. તમે વાડીએ જઇને મફત બોર શી રીતે મેળવશો ? કરગરો તોએ રામા પટેલ એક બોર પણ મફત આપે તેવા નથી.

ગાંડો:—એ તો અમેએ જાણીએ છીએ. પટેલ ઘેર વાતો કરશે ને અમે તો વાડીમાં પેસીને મઝાથી બોર ખાઈશું. ચાલ તારે આવવું હોય તો.

ડાહ્યો:—ના ભાઇ, મારે બોર નથી ખાવાં. એવી રીતે ચોરી કરીને બોર ખાવાં એના કરતાં બોર ન ખાવાં સારાં. બોર વગર શું ચાલતું નથી? બોર વગર કંઈ પેટ ફાટે છે?

ઘેલો:—લ્યો, ડાહ્યા બોલ્યો. અલ્યા મૂર્ખા, એવી ચોરીઓ કરવી એ તો છોકરાની ચાલાકી કહેવાય. મોટાંને મન નાનાં છોકરાં મોટાંને જેટલાં છેતરે તેટલાં ચાલાક ગણાય.

ડાહ્યો:—ભલે, તમને જે ઠીક લાગે તે ખરૂં. જાવું હોય તો જાવ તમે તમારે, મારે નથી આવવું.

ગાંડો—(ઘેલાના કાનમાં બાજુ પર):—અલ્યા ઘેલા, આ ડાહ્યો ડાહ્યલો છે. તે પટેલને જઈને કહી દેશે તો આપણું કામ બગડશે, માટે ગમે તેમ કરીને તેને સાથે લ્યો.

ઘેલો:—એ ડાહ્યા આમ નાસી શું જાય છે? તારે ના આવવું હોય તો ના આવીશ, પણ અમારી વાત તો પૂરી સાંભળ.

ડાહ્યો—કહો.

ગાંડો—અલ્યા ડાહ્યા, મેં કોઈ દિવસ બોરડી જ જોઇ નથી. બોરડીનું ઝાડ કેવું થતું હશે, એનાં પાન કેવાં હશે, એને બોર કેવી રીતે આવતાં હશે, અને એને કાંટા હોય છે, એ વાત ખરી કે ખોટી એ મને જોવાનું મન થયું છે. તું સાથે હોય તો અમને બધું સમજાવે. તું છે ડાહ્યો અને અમે રહ્યા ગાંડાઘેલા!

ઘેલોઃ—ખરી વાત છે. પહેલાં તો અમે તારી મશ્કરી કરી. પટેલની વાડીના ઝાંપે તાળું હોય, ચારે બાજુ જબરી વાડ હોય, અને રામા પટેલ અંદર જીવતા જાગતા ચોકી કરતા બેઠા હોય, ત્યાં છાનામાના અંદર પેસી બોર ખાવાનું આપણું કોઇનું ગજું છે? તું સાથે આવે તો આનંદ કરતાં જવાય ને મઝા પડે.

ડાહ્યોઃ—ત્યારે તો ચાલો. બોરડી વિષે હું બધું જ તમને સમજાવીશ.

(રામા પટેલની વાડી પાસે આવી પહોંચે છે.)

ગાંડોઃ—ઘેલા, બોર જોયાં? મારો જીવ હવે હાથમાં રહેતો નથી.

(ગાંડો ઝાંપા પાસે જાય છે.)

ડાહ્યોઃ—ઘેલા, જો આ બોરડી. બોરડીનાં મૂળ ઉંડાં હોય છે. એને બહુ પાણીની જરૂર હોતી નથી. તે કઠણ જમીનમાં પણ ઊગે છે. પેલાં એનાં પાન જોયાં? જો પેલા ઝીણા ઝીણા કાંટા દેખાય. બોર ખાવા જાય તેને ભચ કાંટા વાગે.

ગાંડોઃ—એ ઘેલા, પત્થરના એક જ ટચાકાથી તાળું તો તૂટી ગયું. ઝાંપો ખુલ્લો થયો. દોડ.

ઘેલોઃ—એ આવ્યો.

(ઘેલો ને ગાંડો વાડીમાં પેસી બોર ખાવા માંડે છે.)

ગાંડોઃ—દોસ્ત, કેવી મઝા!

ઘેલોઃ—વાહ રે વાહ! બોર શું મીઠાં છે! ગાંડા, આ ડાળ મને નીચે નમાવી આપને. એની ઉપર ઠીક બોર છે.

ગાંડો—રહે, હું પેલું દોરડું લાવું. એ દોરડું ડાળમાં ભરાવી જોરથી હલાવીશું તો બોરના ઢગલે ઢગલા નીચે પડશે.

(દોરડું ભેરવી ડાળ હલાવે છે.)

ઘેલો:—ઢગલે ઢગલા ! બોરના ઢગલે ઢગલા !

(રામા પટેલ આવે છે.)

રામા પટેલ:—ઉભા રહો. તમારી માના હરામખોર. લુચ્ચાઓ, બોર ખાવા પેંધ્યા છો !

ગાંડો:—ઘેલા નાસ, પટેલ આવ્યા. (બંને નાસી જાય છે. પટેલ ઝાંપા આગળ ડાહ્યાને ઉભેલો જુએ છે.)

રામા પટેલ:—કેમ હરામખોર ! બોર ખાવાં છે ખરૂં ને ?

ડાહ્યો:—હું તમારાં બોર ખાવા આવ્યો જ નથી. મને બોર ખાવાની ઇચ્છા જ નથી. એ લુચ્ચાઓ મને છેતરીને અહીં લાવ્યા. હું વાડીમાં પેઠો જ નથી. મને હરામનું ખાવાની ઇચ્છા જ નથી.

રામા પટેલ:—ત્યારે તો ડાહી ડાહી વાતો કરવા આવ્યો છું. ભલે, તેં બોર ખાધાં નથી પણ એ નઠારાઓની જોડે આવ્યો માટે લેતો જા.

(ડાહ્યાને બે તમાચા મારી પટેલ વાડીમાં પેઠા.)

ડાહ્યો:—આ કુસંગનું ફળ. હશે. મને તો મારી ભૂલની શિક્ષા થઈ ગઈ, પણ એ લુચ્ચાઓને તો ઈશ્વર કેવીએ શિક્ષા કરશે ! ખરૂં કહું છું, કે કોઈ દિવસ હરામનું ખાવાની ઇચ્છા કરશો નહિ ને નઠારાની સોબતે રહેશો નહિ. ઈશ્વર તમારૂં ભલું કરશે.

પુષ્પ ૮ મું.

બ્રાહ્મણ અને ઠગ.

પાત્રો.

બ્રાહ્મણઃ—એક ભલો માણસ.

ત્રણ ઠગ.

સાધન—બકરીનું બચ્ચું અથવા મોડેલ.

બ્રાહ્મણઃ— ઉપજાતિ છંદ.

જેની કને દ્રવ્ય કુલિન તે છે,
પંડિત, જ્ઞાતા, ગુણનો નિધિ તે;
વાચાળ ને દર્શન તુલ્ય એ છે,
સર્વે ગુણો કાંચનમાં વસે છે.

કહેવત છે, કે ધાના ત્યાં પાના નહિ, ને પાના ત્યાં ધાના નહિ. હું બે આંકડા ભણ્યો છું, પણ પૈસે ટકે ખાલી છું. બાળબચ્ચાંની વસ્તી ઠીક છે, પણ એ બધાંનું પોષણ કરવાની મોટી ચિંતામાં રહેવું પડે છે. જ્યોતિષવિદ્યાનું જ્ઞાન છે, તો કોઈની જન્મોત્રી કે વર્ષફળના બે પૈસા મળે છે, ને માંડમાંડ પુરૂં થાય છે. પેલા જટાશંકર વૈદ્યનું વર્ષફળ બનાવ્યું હતું તેના પાંચ રૂપીઆ આજ આવ્યા છે. લાવ તેની એક બકરી લાવું. છોકરાંને દૂધ ખાવા થશે ને બચ્ચાં થશે તે વેચવાથી બે પૈસાની પ્રાપ્તિ પણ થશે.

(બ્રાહ્મણ બકરી લેવા જાય છે. ત્રણ ઠગ આવે છે.)

૧ લો ઠગઃ—અલ્યા, આજ કાંઈ મળ્યું નહિ.

૨ જો ઠગઃ—આજ કોઈ નઠારાનું મોં જોએલું.

૩જો ઠગઃ—મને પણ એમજ લાગે છે.

૧લો ઠગઃ—અલ્યા, જુઓ તો ખરા પેલું સામેથી કોઈ આવે છે.

૨જો ઠગઃ—એની પાસે બકરી છે, હો.

૩જો ઠગઃ—એણે જનોઈ પહેરી છે, ને માથે ચોટલી છે, એટલે એ બ્રાહ્મણ હોવો જોઈએ.

૧લો ઠગઃ—એની પાસેથી બકરી પડાવી લઈશું ?

૨જો ઠગઃ—શી જુક્તિ કરીશું ?

૩જો ઠગઃ—આપણે એક બીજાથી દૂર દૂર ચાલવું. એક પછી એક તેને મળવું ને કહેવું કે આ તો કુતરૂં છે.

૧લો ઠગઃ—હા, બરાબર છે. તો છુટા થઈ જાઓ.

(ઠગ છુટા પડી જાય છે. બ્રાહ્મણ આવે છે. તેને પહેલો ઠગ મળે છે.)

૧લો ઠગઃ—ભાઇ, બ્રાહ્મણ છો ખરા ?

બ્રાહ્મણઃ—હા, ભાઈ કંઈ છે ?

૧લો ઠગઃ—ના ભાઈ. પણ બ્રાહ્મણ થઈ આ કુતરૂં ખભે કેમ લીધું છે ?

બ્રાહ્મણઃ—તમે આંધળા છો કે શું ? આ તો બકરી છે.

૧લો ઠગઃ—મશ્કરી કરો છો. હું તો સાચેસાચું કુતરૂં જોઉં છું. મારે શું ? હું તો આ ચાલ્યો.

(પહેલો ઠગ જાય છે.)

બ્રાહ્મણઃ—શું આ કુતરૂં છે ? ના, ના. હાલ જ રબારીને ત્યાંથી મારી નજરોનજર બકરી ખરીદી લાવ્યો છું ને. એની આંખે બરાબર દેખાતું નહિ હોય.

(આગળ ચાલવા માંડે છે. બીજો ઠગ મળે છે.)

૨જો ઠગઃ—અરરર, આ બ્રાહ્મણના ખભે હડકાયું કુતરૂં!!

બ્રાહ્મણઃ—તારે તે આંખો છે કે બાખાં? જોતો નથી કે એ બકરી છે?

૨જો ઠગઃ—તારે બાખાં હશે, કે તું કુતરાને બકરી દેખે છે. ભલા માણસ, આ તો કુતરૂં છે, ને તે હડકાયું છે. કરડશે તો હડકવા લાગશે. મારે શું? તારા ભલા સારૂ કહું છું. હું તો આ ચાલ્યો મારે મારગે.

બ્રાહ્મણઃ—અરે, આ પણ કુતરૂં છે એમ કહે છે. સાચે જ આ કુતરૂં છે? ના ના, મારી નરી આંખે એને હું બકરી દેખું છું ને. એને આંખે મોતીઆ આવ્યા હશે.

(બ્રાહ્મણ આગળ ચાલે છે. ત્યાં ત્રીજો ઠગ મળે છે.)

૩જો ઠગઃ—ભાઈ, આ હડકાયા કુતરાને ખભે લીધું છે તે કરડશે નહિ?

બ્રાહ્મણઃ—અલ્યા, એ તો બકરી છે. બરાબર જોતો ખરો.

૩જો ઠગઃ—શું જોઉં? કુતરાને બકરી શી રીતે કહું? ભાઈ, તમારા ભલાની ખાતર કહું છું કે એ બકરી નથી પણ કુતરૂં છે. કોઈએ તમને ઠગ્યા છે. હું તો આ ચાલ્યો. (ત્રીજો ઠગ જાય છે.)

બ્રાહ્મણઃ—આ ત્રણે જુઠા ને હું સાચો? નહિ. હું જ જુઠો હોવો જોઈએ. આ કુતરૂં જ હશે. રબારીએ કંઇ જંતર-મંતર કર્યા હશે કે જેથી મને આ કુતરૂં છતાં બકરી દેખાય છે. રામ, રામ, રબારીએ છેતર્યો. (બકરીને મૂકી દે છે.) હરે હરે! નહાવું પડશે. હરિ, હરિ. લોકોએ લુચ્ચા થઈ ગયા. આમ ને આમ છેતરે



પુષ્પ ૮મું - "બ્રાહ્મણ અને ઠગ"

છે. ધોળે દહાડે ભર વસ્તીમાં લુટે છે, પછી ઈશ્વર તેમનું ભલું શી રીતે કરે ? (જાય છે.)

ત્રણે ઠગ:—વાહ, વાહ !

૧લો ઠગ:—આખરે બકરી પડાવી.

૨જો ઠગ:—ઠીક ફાવ્યા.

૩જો ઠગ:—આવા આંધળા રોજ મળજો.

(ત્રણે ઠગ બકરી લઈ જાય છે.)

પુષ્પ ૯ મું.

દિશાઓ ને ખુણાઓ.

પાત્રો.

રામુ....એક વિદ્યાર્થી.

ચાર દિશાઓ ને ચાર ખુણાઓ માટે આઠ છોકરા.

સ્થળ:—**મેદાન.**

રામુ:—મારા ગુરુને તમારે કંઇ કહેવું છે ? આવે એવા લેસન જોવાનો તડાકો. લેસન નહિ લખી લાવનારના બાર જ વાગે—ધડમ ધડમ. ઓ બાપ ! પૂછશે જ નહિ. મારવાનો તો ઇજારો લીધો છે. ભણાવે કાંઈ નહિ, પણ સાંજ પડે કે લેસનનું આખું કાગળીઉં ચીતરાવે. આજ તો એટલું બધું લેસન આપ્યું છે, કે વાત જ ન પૂછો. બચ્યું બધું તો થશે, પણ દિશાઓ ને ખુણાઓ તૈયાર કરી લાવવના આપ્યા છે, તેમાં મને બીલકુલ સમજ પડતી નથી. સમજાવે તો

આવડે ને ? કહે કે તૈયાર કરી લાવજો. શી રીતે તૈયાર કરૂં ? સમજ પડતી નથી. હે ભગવાન ! દિશાઓને જીવતી કર, કે તે મને સમજાવી જાય. નહિ તો કાલ બાર વાગવાના.

પૂર્વ દિશાઃ—ગભરાઈશ નહિ.

રામુઃ—તમે કોણ છો ?

પૂર્વ દિશાઃ—મારૂં નામ પૂર્વ દિશા. સૂર્ય કઈ બાજુએ ઊગે છે, એ બાજુ તરફ મોં કર.

રામુઃ—આ બાજુએ સૂર્ય ઊગે છે. તો તે તરફ મોં કરી ઉભો છું.

પૂર્વ દિશાઃ—તો તે જ બાજુને પૂર્વ દિશા કહે છે. સવારમાં સૂર્ય એ બાજુએ ઊગે છે, માટે તેને ઊગમણી દિશા કહે છે. તે બાજુ જોઈ પૂર્વ દિશા ગોખ. બીજી દિશાએ આવે છે.

રામુઃ—બહુ સારૂં. આનું નામ પૂર્વ દિશા. સૂર્ય ઊગે એ બાજુને ઊગમણી કે પૂર્વ દિશા કહે છે.

ઉત્તર દિશાઃ—હું તારા કયા હાથ તરફ છું ?

રામુઃ—ડાબા હાથ તરફ. તારૂં નામ ?

ઉત્તર દિશા—મારૂં નામ ઉત્તર દિશા. ડાબા હાથ તરફની ડાબી દિશા તે ઉત્તર દિશા.

દક્ષિણ દિશાઃ—અને હું તારા જમણા હાથ તરફ છું તે દક્ષિણ દિશા. જમણા હાથ તરફની જમણી દિશા તે દક્ષિણ દિશા.

રામુઃ—સૂર્ય ઊગે તે બાજુ પૂર્વ દિશા. પૂર્વ દિશા તરફ

મોં કરી ઉભા રહીએ તો ડાબા હાથ તરફની ઉત્તર દિશા ને જમણા હાથ તરફની દક્ષિણ દિશા કહેવાય. એમજ ને ?

પશ્ચિમ દિશાઃ—એમજ, અને હું પાછળની પશ્ચિમ દિશા. આ દિશામાં સાંજે સૂર્ય આથમે છે. તેને આથમણી દિશા પણ કહે છે.

રામુઃ—એમ કે ? ત્યારે તો ઊગમણીની સામે આથમણી ને ઉત્તરની સામે દક્ષિણ એમને ?

સર્વ દિશાઓઃ—હા એમજ.

અગ્નિ ખુણોઃ—બે ભીંતો એકઠી થાય તે ભાગને શું કહે ?

રામુઃ—ખુણો.

અગ્નિ ખુણોઃ—બે દિશાઓની વચ્ચેના ભાગને પણ ખુણો કહે છે. હું કોની કોની વચ્ચેનો છું ?

રામુઃ—પૂર્વ ને દક્ષિણ દિશાની વચ્ચેનો.

અગ્નિ ખુણોઃ—પૂર્વ ને દક્ષિણ વચ્ચેના ભાગને અગ્નિખુણો કહે છે.

નૈઋર્ત્યઃ—દક્ષિણ ને પશ્ચિમ દિશાની વચ્ચેનો હું નૈઋર્ત્ય ખુણો.

રામુઃ—નૈઋર્ત્ય. ઠીક. પશ્ચિમ ને ઉત્તર દિશા વચ્ચેનો કયો ખુણો ?

વાયવ્યઃ—મારૂં નામ વાયવ્ય ખુણો.

ઈશાનઃ—અને ઉત્તર અને પૂર્વ વચ્ચેનો હું ઇશાન ખુણો.

રામુઃ—પૂર્વ, ઉત્તર, દક્ષિણ ને પશ્ચિમ એ ચાર દિશાઓ. અગ્નિ, નૈઋર્ત્ય, વાયવ્ય અને ઈશાન એ ચાર ખુણાઓ.

સૂર્ય ઊગે એ પૂર્વ દિશા, સૂર્ય આથમે એ પશ્ચિમ દિશા, અને પૂર્વ તરફ મોં કરી ઉભા રહીએ તો ડાબા હાથ તરફની ઉત્તર ને જમણા હાથ તરફની દક્ષિણ દિશા કહેવાય. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ, દક્ષિણ અને પશ્ચિમ વચ્ચે નૈઋર્ત્ય, પશ્ચિમ અને ઉત્તર વચ્ચે વાયવ્ય, અને ઉત્તર અને પૂર્વ વચ્ચેનો ઈશાન ખુણો કહેવાય. ચાર દિશા ને ચાર ખુણા. ઉપર આભ ને નીચે ધરતી. બધાં મળી દસ થાય. અહો, બધી દિશાઓ ને બધા ખુણા અલોપ થયા. ભગવાનની આવી દયા ન હોય તો આ બાળકની શી દશા થાય. હવે બરાબર આવડશે. હે ભગવાન, મને ભણવામાં આવી ને આવી મદદ કરજો. મને ભણવાની બહુ હોંસ છે.

પુષ્પ ૧૦ મું.

ડોસો ને તેનું ટટ્ટુ.

ડોસો:—ટટ્ટુનો માલીક.

રામો:—ડોસાનો છોકરો.

સાધન:—ટટ્ટુ, મુસાફરો વગેરે.

ડોસો:—રામા, આજ શો વાર થયો?

રામો:—બાપુ, આજ શુક્રવાર થયો.

ડોસો:—ત્યારે આજ તો અમદાવાદમાં ગુજરી ભરાવાની. ચાલને આપણે પેલું ટટ્ટુ વેચી આવીએ.



પુષ્પ ૧૦ મું- "ડોસાને લેવું રહ્યું"

રામોઃ—ચાલો, બાપુ. શહેરના લોકો પૈસાદાર હોય છે. ટટ્ટુના ઠીક પૈસા મળશે.

ડોસોઃ—ચાલ જા. ટટ્ટુ લઈ આવ.

રામોઃ—આ લાવ્યો બાપુ. (ટટ્ટુ સાથે ચાલવા માંડે છે.)

ડોસોઃ—ભગવાનનો આપ્યો આ છોકરો છે. તાપ સખત પડે છે, તો છોકરાને છતે ટટ્ટુએ શું કરવા ચલાવું ? બેટા રામુ, ટટ્ટુ પર બેસી જા.

રામોઃ—ના બાપુ, તમે બેસો. હું તો ચાલીશ.

ડોસોઃ—ના, તું જ બેસ. [છોકરો ટટ્ટુ પર બેઠો.]

પહેલો મુસાફરઃ—અરે ભાઈ, જો તો ખરો આ જુવાન પઠ્ઠા જેવો છોકરો ટટ્ટુ પર ચઢી બેઠો છે, ને ઘરડો બાપ પગે ચાલે છે.

બીજો મુસાફરઃ—ભાઈ, હડહડતો કળિયુગ તે આનું નામ. નહિ તો વળી જુવાન છોકરો ટટ્ટુ પર બેસે ને ઘરડો બાપ પગે ચાલે એવું કદી બને !

પહેલો મુસાફરઃ—એ છોકરા, આ તારા ઘરડા બાપને ચલાવે છે, ને તું પઠ્ઠા જેવો ટટ્ટુ પર ચઢી બેઠો છું, તેની શરમ નથી આવતી ?

બીજો મુસાફરઃ—જવાદોને આજનાં છોકરાંનું નામ. વિવેકનું નામ નહિ ને અક્કલનું ઠામ નહિ.

રામોઃ—બાપુ, તમે ટટ્ટુ પર બેસો. હું ચાલું છું.

ડોસોઃ—સારૂ, બેટા. (આગળ ચાલે છે.)

ત્રીજો મુસાફરઃ—અરે, ડોસા. તારી બુદ્ધિ ફરી ગઈ છે કે શું ? આ રાજાના કુંવર જેવા કુંણા છોકરાને ખરે

બપોરે હીંડાડે છે, ને તું ટટ્ટુ પર બેસી મોજથી મુસાફરી કરે છે. તારી સાઠે બુદ્ધિ નાઠી છે, કે શું ?

ચોથો મુસાફરઃ—તું તો ખર્ચુંપાન કહેવાય. માંદો પડી મરી જાય તેની કંઈ હરકત નહિ, પણ આ છોકરા-ને કંઈ થશે તો તારી ચાકરી કોણ કરશે ?

ડોસોઃ—બેટા, હું ટટ્ટુ પર બેસું એય ખોટું ને તું બેસે તેય ખોટું. બેમાંથી એકે વાત લોકોને ગમતી નથી, તો શું કરીશું ?

રામોઃ—તમે કહેતા હો તો બંને ચાલીએ અગર બંને ટટ્ટુ પર બેસીએ.

ડોસોઃ—બંને બેસીએ. આ ટટ્ટુ હવે આપણને શા કામનું છે ? [બંને બેસે છે.]

પ્રેમચંદઃ—અરે, ઘાતકીઓ. તમને આ નાના ટટ્ટુની જરાએ દયા આવતી નથી ?

નેમચંદઃ—જરા તો દયા રાખો. ભગવાન છે, મરી નથી ગયો.

ખેમચંદઃ—આ ટટ્ટુ તમને ઉંચકે તેના કરતાં તમે બે તે ટટ્ટુને ઉંચકીને ચાલો, તો વધારે સારૂં.

શાકરચંદઃ—હા, હા, તેમ કરો. ટટ્ટુ બિચારૂં સુખી થશે, ને તમે ધારેલે વખતે શહેરમાં પહોંચી જશો.

ડોસોઃ—રામા, ઉતર. આપણે બેય ટટ્ટુને ઉંચકીને ચાલીએ. વેળાસર બજારમાં પહોંચી જવાશે. આ લોકો બિચારા ઠીક કહે છે.

(બંને ટટ્ટુને ઉંચકે છે.)

ડોસોઃ—રામા, સંભાળજે. પૂલ છે ને પૂલ ઉપર ભીડ છે.

રામો:—બાપા, ટટ્ટુ તોફાને ચઢયું છે. અરે આ એના પાછલા પગ છૂટી ગયા.

ડોસો:—અરે, આ શું ? હાય, હાય, ટટ્ટુ પાણીમાં પડયું ! ઓ ડૂબ્યું; હાય ! નસીબ ફુટયું. ઓ, ઓ............

રામો:—બાપુ, રડે શો દહાડો વળે. આપણે જ મૂર્ખ કે લોકની મતિએ ચાલ્યા. નહિ તો આવું પરિણામ ન આવત.

ડોસો:—રામુ, હવે શું કરીશું ?

રામો:—ચાલો વ્હીલે મોંએ પાછા. હવે શિખામણ લીધી કે લોકની બુદ્ધિએ ન ચાલતાં પોતાની બુદ્ધિએ ચાલવું. દુનિયા તો દોરંગી છે. આમ કહે ને તેમ કહે. સાંભળોઃ-

રંગી દુનિયાના રંગી તે રંગી, દોરંગી, દુનિયા દોરંગી.
રંગી નારંગી તોએ–ના રંગી (૨) દુનિયા દોરંગી.
આજે અંગી મનાતા, કાલે ભુજંગી થાતા;
કોણ ભુજંગી કોણ અંગી, કોણ અંગી, કોણ અંગી.–દુનિયા.
સાગર જળ શીતળમાં, વડવાનળ તેના તળમાં;
પાણી ને અગ્નિ બન્યાં સંગી (૩)—દુનિયા.
વાયુ જે દીપક ઠારે, આગને એ જ વધારે;
પ્રભુની પ્રભુતા એ–દોરંગી (૩)—દુનિયા.

(સાંભળેલું.)

પુષ્પ ૧૧ મું.

ઈશ્વર સઘળું જુએ છે જ.

પાત્રો:—

મગન:—પોળનો છોકરો.

છોટુ:—નાનો } બે ભાઈ.
હરિ:—મોટો }

સ્થળ:—પોળ. **સાધન**:—બે લખોટા.

મગન:—છોટુ ચાલ, આપણે લખોટે રમીએ.

છોટુ:—ચાલ, જો કોણ જીતે છે? આ મેં મારો લખોટો ગબડાવ્યો. લગાવ ચોટ.

મગન:—અદ્દલ લગાવું. (લખોટી ફેંકે છે.) યાર, ચોટ ના લાગી.

છોટુ:—હવે મારો દાવ આવ્યો.

(પડદા પાછળ.)

મગન, મગન, ઓ મગન.

છોટુ:—મગન, તને કોણ બોલાવે છે?

મગન:—યાર, મારી બા બોલાવે છે. જ્યારે રમતમાં મઝા આવી ત્યારે આ કજા આવી.

છોટુ:—મગન, આ આપણાં માબાપને શું થતું હશે? છોકરાંને રમવા જ ન દેવાં. ઘરમાં જ ગોંધી રાખવાં ને કામ કરાવવું. પણ સમજતાં નથી કે મોટાંને કમાવું ને કામ કરવું અને નાનાંને રમવું. મોટાં ન

રમે; નાનાં ન રમે ત્યારે રમે કોણ ? વારૂ, પણ મગન, તું ન જાય તો કેમ ?

મગનઃ—મારી બા ગુસ્સે થાય ને મને મારે.

છોટુઃ—તારી બા જબરી. આપણે તો કોઇને ગાંઠતા જ નથી.

(પડદા પાછળ)

મગન, સાંભળતો નથી કે ? ચાલ ઘેર.

છોટુઃ—ત્યારે મગન, તું જઈશ જ ?

મગનઃ—તું જતો ના રહીશ. હું હમણાંજ પાછો આવું છું.

(મગન ગયો.)

છોટુઃ—મગન તો ગયો. હવે! (નીચે આજુબાજુ જોઇને) હાં, મગન તેના એ સુંદર લખોટા ભૂલી ગયો છે. તે કેવા સુશોભિત દેખાય છે! મને એ લખોટા બહુ ગમ્યા છે. લાવ, લઈ લઉં. પડયું એ આપણું ને જડયું એ બાપનું. (છોટુ લખોટા લેવા જાય છે. હરિ આવે છે.)

હરિઃ—છોટુ, તું શું કરે છે ? (છોટુ લખોટા લીધા વગર હરિ પાસે આવે છે.)

છોટુઃ—અં....કંઈ નહિ. આ પેલો મગન હમણાં મારી સાથે રમતો હતો, તેવામાં તેની બાએ તેને બોલાવ્યો, તેથી તે ઉતાવળમાં જતો રહ્યો ને તેના એ સુંદર લખોટા અહીં ભૂલી ગયો. જોને તે કેવા સુંદર લાગે છે !

હરિઃ—તેનું શું કરવું છે ?

છોટુઃ—મને એ લખોટા બહુ ગમ્યા છે. હું તે લઈ લઉં ?

હરિઃ—ગમ્યા તેથી કંઈ લેવાય નહિ. આપણે કંઈ ચોર છીએ ?

છોટુઃ—એમાં ચોર શાના ? ક્યાં કોઈના ઘરમાંથી લેવા છે. રસ્તામાં પડ્યા છે ને તે લઈએ તે શું ચોરી કહેવાય ?

હરિઃ—છોટુ, ચોરી એટલે શું તે જાણે છે ?

છોટુઃ—હા, બીજાની વસ્તુ છાનીમાની લઈ લેવી તે.

હરિઃ—આ લખોટા તારા છે ?

છોટુઃ—ના, તે મગનના છે.

હરિઃ—એટલે બીજાના છે. વારુ, એ લખોટા લીધા પછી તું મગનને બતાવશે ખરો કે ?

છોટુઃ—બતાવું કે ! ત્યારે તો મગન એ લઈજ લે તો.

હરિઃ—એટલે છાના રાખે. ત્યારે તું જ કહે કે એ ચોરી થઈ કે નહિ ?

છોટુઃ—એવું તો ખરૂં, પણ લખોટાની તે કંઈ ચોરી કહેવાય ? એની કિંમત કેટલી ને એ લેવાથી શું મોટું પાપ થઈ જવાનું છે ! વળી જો તું કોઈને કહે નહિ તો ઓછું કોઈ જાણવાનું છે ?

હરિઃ—છોટુ, છોટુ, તું આ શું બોલે છે ? તે દિવસે પેલા ચોરને સિપાઈઓ બાંધીને લઈ જતા હતા ત્યારે બાપાજી શું કહેતા હતા ? એ નાની ચોરીઓમાંથી મોટી ચોરીઓ કરતાં શીખ્યો હતો. નાનપણમાં નિશાળનાં છોકરાંની પેન, પેન્સિલ કે ચોપડી ચોરતો, ઘરમાંથી પાઈ પૈસો ચોરતો અને પોળમાંથી

નાની મોટી વસ્તુઓ ચોરી જતો. આથી આગળ જતાં તે આવી મોટી ચોરી કરતાં શીખ્યો. છોટુ, સમજ કે માણસનું મન પ્રથમ નાનાં પાપ કરવા તરફ દોરાય છે, પછી મોટાં પાપ કરવાને તે તૈયાર થાય છે, ને પોતાનું જીવન ધૂળમાં મેળવે છે.

છોટુઃ—ખરેખર, એ લખોટા લેવા એ ચોરી જ છે. આજ લખોટા લેવાનું મન થાય તો કાલ બીજું લેવાનું મન થાય; માટે તેવા વિચારો થવા જ ન દેવા. પણ હરિ, આ લખોટાનું શું કરૂં ? તે અહીં રહેવા દઉં તો બીજો કોઈ લઈ જાય, ને મગનના લખોટા તો જાય જ. ત્યારે હું લઉં તો શું ખોટું ?

હરિઃ—તું એ લખોટા લઈ મગનને આપી દેજે, ને તું તો તારા પૈસાના જ એવા બે સુંદર લખોટા લાવજે. આજથી રસ્તામાં પડેલી લાખો રૂપીઆની પરાઈ વસ્તુને જોઈ તેને ઓળવી લેવાનો જરા પણ વિચાર કરીશ નહિ. એવે વખતે કોઈ જોનાર કે જાણનાર હોતું નથી એવી ભૂલ ભરેલી સમજણ રાખીશ નહિ. ઈશ્વર સઘળે છે. તે સઘળું જુએ છે, સાંભળે છે, ને જાણે છે. એક કવિએ કહ્યું છે તે સાંભળઃ—

આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ;
ઘાસ ચાસની પાસ પણ, વિશ્વપતિનો વાસ.
ભોંયમાં પેસી ભોંયરે, કરીએ કાંઈ વાત;
ઘડીએ મનમાં ઘાટ તે, જાણે જગનો તાત.

ખાલી જગ્યા ખોળીએ, કણી મૂકવા કામ;
ક્યાંએ જગકર્તા વિના, ઠાલું ન મળે ઠામ.

છોટુ:—હવે મને મારી ભૂલ બરાબર સમજાઈ. હે પ્રભુ! તું આવી રીતે મને પાપ કરતો બચાવજે. હું તારે શરણુ છું. હું બાળક છું, તું દયાનો ભંડાર છે, માટે આ બાળક તરફ દયાદૃષ્ટિ રાખી તેને સન્માર્ગે વાળજે. (બંને ભાઇ જાય છે.)

પુષ્પ ૧૨ મું.

બે ખેડુતો ને ઇનામનો ભાગ.

બીરબલ:—જિજ્ઞાસુ બ્રાહ્મણ.

ધનો }
કાનો } :—બે ખેડુત.

અકબર:—દિલ્હીનો પાદશાહ.

સાધન:—ચરૂ, સાટકો.

પ્રવેશ ૧ લો.

સ્થળ:—રસ્તો.

બીરબલ:— વસંતતિલકા.

સારા જનો અહીં તહીં સુખી સર્વ વાતે,
દુષ્ટો સડી રડી મરે જગમાં કમોતે;
જેવી રીતિ ગતિ થતી પણુ તેવી નિત્યે,
હે! ન્યાયમૂર્તિ જગદીશ, નમો નમસ્તે।

અહાહા ! કોઈ ડાહ્યા વિદ્વાને કહ્યું છે, કે અક્કલનો ખજાનો એકઠો કરવો હોય તો ગામેગામ ને વનેવન રખડવું, મોટા મોટા રાજાઓની સભાઓમાં ભટકવું, ખૂબ ચોપડીઓ વાંચવી ને ડાહ્યા માણસો સાથે વાતચીત કરવી. આથી તો હું રખડતો રખડતો દિલ્હી શહેર નજીક આવી પહોંચ્યો છું. સાંભળ્યું છે કે દિલ્હી શહેરમાં અકબર પાદશાહ રાજ કરે છે. તે બહુ પરાક્રમી, ડાહ્યો ને ન્યાયી છે. હિંદુ મુસલમાનને સરખા ગણી રાજા રામની માફક રાજ્ય કરે છે. આવા શાણા પાદશાહની કચેરીમાં ઘણું જોવાનું ને જાણવાનું મળશે. ચાલ જીવ, જીવ્યા કરતાં જોયું ભલું, અને જોયા કરતાં જાણ્યું ભલું. હાં, પણ રાજદરબારમાં સીધા પહોંચી જવાય તેવો રસ્તો કોઈ ખેડુતને પૂછીને જ શહેરમાં જાઉં. ટુંકા રસ્તે જવું ને પાધરા પહોંચી જવું, એ પણ એક જાણવા જેવી વાત છે.

ખેડુતઃ— રોળાવૃત્ત.

(ધનો) હું ખેડુત તે કરૂં જગતની સેવા ભારે,
આ સઘળો સંસાર પાળવો ભાવે મારે;
કપાસ, ફળ, ફૂલ, ઘાસ, ધાન્યને હું નિપજાવું,
જનસેવા શુભ કરી સર્વને સુખ ઉપજાવું.

બીરબલઃ—અઢળક અન્ન પેદા કરે, સાચો જગનો ભ્રાત છે;
છતાં પણ નિર્ધન રહે, એ જાણવા જેવી વાત છે.

ખેડુતઃ—સહુ તાપ વરસાદ, વળી બહુ મહેનત કરતો,
(ધનો) રહું શરીરે લઠ્ઠ, સદા સંતોષે ફરતો;

ઉત્તમ ખેતી ખરે વળી તે પર ઉપકારી,
ખરી ખંતથી દઉં જગતને શિખ હું સારી.

બીરબલઃ—વહેતી નદીઓ આંગણે નિર્મળ નીર ભલીભાત છે;
છતાં પણ તરસ્યા રહે, એ જાણવા જેવી વાત છે.

ખેડુતઃ—ખરેખર, કરકસર ને પ્રમાણિકપણાથી ધંધો કરીએ
(ધનો) તો સૌ સારાં વાનાં થાય છે. આથી તો થોડા ઘણા પૈસા બચ્યા. તેનાથી કાના પાસેથી એક ખેતર વેચાતું લીધું. કાનો પ્રમાણિક ખરો પણ ઉડાઉ બન્યો, તેથી દેવામાં ડૂબી ગયો, ને ખેતર વેચવું પડયું. બિચારો નસીબનો જ રાંક. નહિ તો આટલા દિવસથી તે આ ખેતર ખેડતો હતો પણ તેને આ ચરૂ ન જડયો ને મને જડયો. પણ આપણે કંઇ આ હરામનું ધન રાખીએ એવા નથી. આ ચરૂ તેના બાપદાદાનો દાટેલો છે. તે તેને હું આપી આવું.
(ધનો ચાલવા માંડે છે. સામો બીરબલ મળે છે.)

બીરબલઃ-કેમ, પટેલ! કયાં ચાલ્યા? આ શું લઈ જાઓ છો?

ધનોઃ-આ શહેરમાં કાનો નામે એક પટેલ રહે છે. થોડા દિવસ ઉપર મેં તેનું ખેતર વેચાતું રાખ્યું છે. તે ખેતર ખેડતાં તેના બાપદાદાનો દાટેલો આ ચરુ મને જડયો, તે તેને આપવા જાઉં છું.

બીરબલઃ-સાંભળજો, ભાઈ. ખરી મહેનતનો બદલો ઈશ્વર આપે છે તે પણ નથી જોઇતો એ પણ એક જાણવા જેવી વાત છે. ભલા ખેડુત, કાનાએ તો તને આખું ખેતર ધણીપણાના કુલ હક સાથે વેચાતું આપ્યું.

એટલે તેમાંથી જે નીકળે તે તારૂં જ કહેવાય. જરા સરકારી કાયદો તો સમજ.

ધનો:–સરકારી કાયદા કરતાં ઇશ્વરી કાયદા વધારે સમજું છું. મારા બાપ દાદાનો દાટેલો આ ચરૂ ન હોય. કાનાની ગફલતમાં ચરૂ રહી ગયો ને ખેતર મને વેચી દીધું, એમ હું જાણું છતાં જો એ ચરૂ રાખું તો હું હરામી કહેવાઉં. હરામનું લેવાની શાસ્ત્રમાં ના કહી છે.

બીરબલ:–ધન્ય છે પટેલ, તમારી પ્રમાણિકતાને ! કાનો તો આ ધનથી રાજી રાજી થઇ જશે !

ધનો:—એજ મોટી શંકા છે. કાનો કંઇ પ્રમાણિકપણામાં મારા કરતાં ઉતરે તેવો નથી. કદાચ તે ધન લેવા ના પાડે તો શું કરવું ?

બીરબલ:—અકબર પાદશાહ પાસે જજો. તે તમારો ન્યાય સારી રીતે કરશે. પટેલ, હવે મને દરબારમાં જવાનો સીધો ને ટુંકો રસ્તો બતાવશો ?

ધનો:—પેલા સામા દરવાજાથી સીધા નાકની દાંડી સામા ચાલ્યા જશો તો પાધરા દરબારમાં પહોંચી જશો.

બીરબલ:—દરવાજા સુધી તો સાથે વાતો કરતા ચાલીએ પછી છૂટા પડીશું.

ધનો:—ચાલો. (બંને જાય છે.)

પ્રવેશ ૨જો.

અકબર પાદશાહનો દરબાર.

[અકબર પાદશાહ કચેરી ભરી બેઠો છે. એક બાજુએ પહેરાવાળો ઉભો છે. બીરબલ આવે છે.]

બીરબલ (પહેરાવાળાને):—જમાદાર સાહેબ, જહાંપના-હને કહો કે એક કવિ અંદર આવવા રજા માગે છે

પહેરાવાળો:—પાદશાહ અબી ખાનગી કામમેં બેઠે હય. દો ઘંટા પીછે આના.

બીરબલ:—પાદશાહ તો આજ સભા ભરીને બેઠા છે, ને તેમાં સર્વને આવવાની છૂટ છે. આપ પૂછો તો વધારે સારૂં. મારૂં કામ બગડે છે.

પહેરાવાળો:—જાને અબી. તેરે કામ હોય તો કલ આના.

બીરબલ:—આ મીયાં લાલચ વગર માને તેમ નથી. જમાદાર સાહેબ, હું એક સરસ કવિતા બનાવી લાવ્યો છું. પાદશાહ એથી ખૂશ થઈ જરૂર ઇનામ આપશે, તો આપને પણ પાનસોપારી મળશે.


પહેરાવાળો:—અબે જાને, એસી પાન સોપારી તો બ્હોત બી મીલતી હે. આધા ભાગ હે? તો જાને દઉં.

બીરબલ:-અર્ધો ભાગ આપીશ. પછી છે કંઇ?

પહેરાવાળો:—ખડે રહો. મેં અંદર જાકે આતાહુ, (અંદર જઇ) જહાંપનાહ, એક કવિ અંદર આનેકી રજા મંગતા હય. રજા હોય તો આને દઉં.

પાદશાહ:—આને દો.

પહેરાવાળો:—જી હજુર. (બહાર આવી.) જાઓ યાદ રખીઓ. (ઇસારતથી અર્ધા ભાગનું સૂચન કરે છે. 'જરૂર' એમ કહી બીરબલ અંદર જાય છે. પાદશાહને નમન કરી કવિતા બોલે છે.)



પુષ્પ ૧૨ મું. "ઈનામનો ભાગ"

બીરબલઃ— તોટક છંદ.

પુલવાડી સુવાસ ભરી પમરે,
શશીકિરણુ શીતળ તેજ ભરે;
ત્યમ રાજ, સમાજ, જહાં ભરમાં,
પ્રસરો કીર્તિ તવ અકબરશા.

અકબરઃ—ખજાનચી, આ કવિને સો સોનામહોર ઇનામ આપો.

ખજાનચીઃ—જી હજુરની જેવી આજ્ઞા.

બીરબલઃ—મહારાજ, મારે આપની સોનામહોરો નથી જોઇતી. જો આપ મારી ઉપર ખૂશ થયા હો તો હું જે માગુ તે આપો.

અકબરઃ—ખુશીથી માગો.

બીરબલઃ—મને સો ફટકા મારવાનો હુકમ કરો.

અકબરઃ—અરે! ઇનામના બદલામાં ફટકા તે મરાય!

બીરબલઃ—હા, મહારાજ. એ પણુ એક જાણુવા જેવી વાત છે. વચન પ્રમાણે આપ બંધાએલા છો; માટે હવે હુકમ કરો એજ વિનંતી છે.

અકબરઃ—કવિ જીદ્દી જણાય છે. ભલે તેની મરજી. સિપાઈ, આ કવિને ધીરે ધીરે સો ફટકા મારો. (ફટકા મારવાનું કામ શરૂ થાય છે.)

બીરબલઃ—શિરપાવના બદલે શિક્ષા માગવી એ જાણુવા જેવી વાત છે. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે તો મોં ધોવા જવું એ પણુ જાણુવા જેવી વાત છે. રીઝનો બદલો

બીજાથી લેવો એ એક જાણવા જેવી વાત છે, પચાસ ફટકા થયા હવે બસ કરો........

અકબરઃ—કેમ ?

બીરબલઃ—એક જાણવા જેવી વાત છે, એમ. મારા ઈનામનો ભાગીદાર છે. અર્ધું ઇનામ હવે તેને આપવાનું છે.

અકબરઃ—આ એ નવાઇ ! કયાં છે એ તમારો કમ અક્કલનો ભાગીદાર ?

બીરબલઃ–તે કંઇ દૂર નથી. પેલો આપનો પહેરાવાળોજ. અર્ધું ઇનામ આપવાની શરતેજ તેણે મને આવવા દીધો છે. રહો, હું તેને બોલાવી લાવું. (બહાર આવી) જમાદાર સાહેબ, ચાલો ઈનામનો ભાગ લેવા. ઈનામ તો એવું ભારે મળવાનું છે, કે એતો મળશે ત્યારે જાણશો, ને આખી જિંદગી યાદ કરશો.

પહેરાવાળોઃ—એમ !

બીરબલઃ—હા.

(બંને અંદર જાય છે.)

આ આવ્યા મારા ઈનામના ભાગીદાર.

અકબરઃ—સિપાઈ, એ લુચ્ચા પહેરાવાળાને જોસથી પચાસ ફટકા મારો, ને નોકરી પરથી કાઢી મૂકો. પહેરાપર બીજો માણસ મૂકો.

બીરબલઃ—લાંચનો બદલો કેવો મળે છે, એ પણ એક જાણવા જેવી વાત છે.

(બે ખેડુતો રકઝક કરતા આવે છે.)

ધનોઃ—આ ચરૂ તારો.

કાનોઃ—ના તારો.

ધનોઃ—તારા ખેતરમાંથી નીકળ્યો માટે તારો.

કાનોઃ—મેં તો ખેતર તને વેચાતું આપી દીધું, માટે તારો.

ધનોઃ—રાજા પાસે ન્યાય કરાવવા ચાલ.

કાનોઃ—ચાલ. (બંને દરબાર પાસે આવે છે.)

ધનોઃ—જમાદાર સાહેબ, પાદશાહને કહો કે બે ખેડુત અંદર આવવાની રજા માગે છે.

પહેરગીરઃ—ખડે રહો મેં અંદર જાકે આતાહું. (અંદર જઈ.) ખુદાવિંદ, દો ખેડુત અંદર આનેકી રજા મંગતા હે.

અકબરઃ—આને દો. (ખેડુતો અંદર આવે છે.) ભલા ખેડુતો, તમારે કેમ આવવું પડયું ?

ધનોઃ—ખાવિંદ, આ કાના પાસેથી મેં એક ખેતર થોડા દિવસ ઉપર વેચાતું રાખ્યું હતું. તે ખેતર ખેડતાં તેના બાપદાદાનો દાટેલો આ ચરૂ મને જડયો. તે તેને આપું છું, ત્યારે તે લેવા ના પાડે છે !

અકબરઃ—કાના પટેલ, કેમ ના કહો છો ?

કાનોઃ—મહારાજ, મેં તો આખું ખેતર ધનાને આકાશથી પાતાળ સુધીના કુલ હક સાથે વેચાતું આપ્યું પછી તેમાંથી સોનાની ખાણ નીકળે કે હીરાની ખાણ નીકળે તે ધનાની; મારી નહિ. આપ ન્યાય કરો.

અકબરઃ—ભલા ભગવાન, આવો પ્રમાણિકપણાનો ન્યાય મેં કદી કર્યો કર્યો નથી. આ ધન કોનું કહેવાય તે હું પણ કહી શકતો નથી.

બીરબલઃ—આખર મામલો કોરટે ચઢયો ખરો. ધન નથી જોઈતું ધનાને; નથી જોઈતું કાનાને. બંને પ્રમાણિક-પણાના શિખર પર ચઢી બેઠા છે. રાજા ન્યાયાસન પર બેઠા છે, તેમને ન્યાય નથી જડતો. ત્યારે હવે શું થાય છે, એ પણ એક જાણવા જેવી વાત છે.

અકબરઃ—ભલા ખેડુતો, તમારે કંઈ છોકરાં છે, વારૂ?

ધનોઃ—હા, મહારાજ. મારે એક છોકરો છે, ને કાનાને એક છોકરી છે.

અકબરઃ—વાહ! વાહ!! આ વાત ઠીક બંધ બેસતી આવી. તમારે તે છોકરા છોકરીનાં લગ્ન કરવાં, ને આ ધન તેમને આપવું. આથી તમારાં બંનેનાં મન સચવાશે.

ધનોઃ—વાહ! મહારાજ, વાહ!! ધન્ય છે આપના ન્યાયને!!!

કાનોઃ—ધન્ય છે આપની બુદ્ધિને! આપનું રાજ અવિચળ રહો, ને આપ જુગ જુગ જીવો. (બંને ખેડુત જાય છે.)

બીરબલઃ—જોયું, રાજદરબારમાં ફરવાથી આવા ફાયદા થાય છે. અક્કલ હોશિયારીથી અદલ ઈન્સાફ કેમ થાય છે, પ્રમાણિક માણસોને કેવો બદલો મળે છે, અને સારા રાજાઓ રૈયતનો પ્રેમ કેવી રીતે મેળવી શકે છે, એ બધી જણવા જેવી વાત છે. છેવટે આવા રાજાઓ માટે શું કહીએ? માત્ર એટલુંજ કેઃ—

લખ તારામાં ઓપતો, એકજ ચંદ્ર અનૂપ,
સુલતાનોમાં શોભજો, શાણો અકબર ભૂપ.

પુષ્પ ૧૩ મું.

શેખચલ્લીના તરંગો.

પાત્રો:

તર્કપ્રસાદ:--સંસારને પગથીએ ચઢનાર નવ જુવાન.

પાવકપ્રસાદ:—તર્કપ્રસાદનો પિતા.

શેખચલ્લી:—એક મજુર.

શેઠ, વેપારી, વગેરે.

સાધન:--પુસ્તકનો પટારો, કટોરો, ઘાડવો.

પ્રવેશ પહેલો.

સ્થળ:—ઘર આંગણું.

પાવકપ્રસાદ:— ઉપજાતિ છંદ.

સંસાર રૂપી મધુ ફૂલવાડી,
મળ્યો સમારંભ કૃપા તમારી;
કાંટા કુડા કંકરથી ઉગારી,
હે નાથ ! દેજો ગતિ દિવ્ય તારી.

સંસારમાં સુખ અને દુઃખ બંને રહેલાં છે. જે માણસ પોતાનું નાવ ચોકસ માર્ગે ચલાવે છે, તેજ આ ભવસાગરને તરી પાર ઉતરે છે. એવો માર્ગ જડવો કઠિન છે, ખરો; છતાં સારી વિદ્યાથી તેવો માર્ગ જડી આવે છે. આથી પુત્ર તર્કપ્રસાદને કાશીએ ભણવા મોકલ્યો છે. વિદ્યાભ્યાસ પૂરો થવાથી તે હવે ઘર તરફ પાછો આવવાનો છે. વિદ્યા ભણી દીકરા સારે માર્ગે ચાલે ત્યારેજ ભણ્યા દીકરા કામના.

હશે, એતો આવે ત્યારે સમજાય. આજ કાલમાં તે આવી પહોંચવો જોઇએ. (તર્કપ્રસાદ માર્ગમાં.)

તર્કપ્રસાદઃ—આવી પહોંચ્યા છીએ. પવિત્ર કાશી ક્ષેત્રમાં વિદ્યાભ્યાસ કરી રાજનગરના ઈડરીઆ દરવાજા સુધી તો આવી પહોંચ્યા છીએ. જ્ઞાનના કટોરા ને પુસ્તકના પટારા ભરી લાવ્યા છીએ. છતાં ગુરુજી કહેતા હતા કે ખરૂં ભણવાનું તો સંસારમાં છે. મને એમ થાય છે કે આટલું બધું ભણ્યા છતાં હજુ શું ભણવાનું બાકી રહેતું હશે? હા, હા. બાપજી કહેતા હતા, કે મોટા થઇએ ત્યારે કમાવું પડે, દુનિયામાં આબરૂ મેળવવી પડે અને લોકો ડાહ્યા કહે તેવી રીતે ચાલવું પડે. એવું એવું આવડે તોજ કોઈ કપાળમાં ચાંલ્લો કરે. પણ કંઈ નહિ. આખે રસ્તે વિચાર કરીને આપણે તો એટલોજ સાર કાઢયો છે, કે એન કેન પૈસા એકઠા કરવા જોઈએ, તો આ બધું આવી મળે. બધા ગુણો એ ચળકતા પપૈયામાંજ રહેલા છે. તેથી શું?—

દુઃખો સહી વિદ્યા ભણ્યા ને દાખી પૂરી હામ છે,
તો સુખસંપત્તિ મેળવવી એ તો બહાદુરીનું કામ છે.

અરે! વિચાર કરવામાં મગજ એટલું બધું કેળવાઇ ગયું છે, કે વિચારમાં ને વિચારમાં મકાન આવી પહોંચ્યું તેનું પણ ભાન ન રહ્યું. અહો પિતાજી આંગણામાં રાહ જોતાજ ઉભા છે ને! શાસ્ત્રમાં કહ્યું છે, કે માતા, પિતા ને ગુરુને દેવ જેવા માનો; એટલે જ્યારે તેમને જોઇએ ત્યારે દેવની માફક તેમને નમસ્કાર કરવા જોઇએ.—

શાસ્ત્રાનુસારે ચાલીએ તો ભણ્યા તેનું નામ છે.

મોટાનું માન રાખવામાં બહાદુરીનું કામ છે. (પોટલું મૂકીને.) હે પરમ પૂજ્ય શિરછત્ર તીર્થરૂપ પિતાશ્રી આપના ચરણમાં આ હીન સેવકના સાષ્ટાંગ દંતવત પ્રણામ છે. (નીચો પડી નમસ્કાર કરે છે,)

પાવકપ્રસાદઃ—ભાઈ, તું આવ્યો ?

તર્કપ્રસાદઃ—હા પિતાશ્રી. આપની સામોજ ઉભો છું ને.

પાવકપ્રસાદઃ—શરીર તો સારૂં છે ને ?

તર્કપ્રસાદઃ—રોજ કસરત કરતો હતો; એટલે શરીર તો તદન સારૂં છે.

પાવકપ્રસાદઃ—વિદ્યાભ્યાસ તો સારી રીતે થયો છે ને ?

તર્કપ્રસાદઃ—એકે એક શાસ્ત્ર અર્થ સહિત સમજીને મગજમાં જ્ઞાનના ઢગલા કરી રાખ્યા છે. માત્ર કઇ વખારમાં શું ઠાલવવું તેજ કામ બાકી છે.

પાવકપ્રસાદઃ—અને એજ ખરૂં કાર્ય છે. વિદ્યા મેળવી તેનો સારો ઉપયોગ કરતાં આવડે ત્યારેજ ભણ્યા દીકરા કામના. ભાઇ, તું તારી વિદ્યાનો શો ઉપયોગ કરીશ ?

તર્કપ્રસાદઃ—પ્રથમ તો નાના માપથી કામ કરીશ. પહેલાં તો હું એક ગામડામાં મહેતાજી થઇશ. સાથે થોડું વૈદું કરીશ. વળી કેટલોક સ્ટેશનરી સામાન વેચીશ. વર્તમાન પત્રોમાં ને માસિકોમાં લેખો આપીશ. આથી મારી પાસે થોડા પૈસા થશે. તેના વડે સંસ્કૃતમાંથી ગુજરાતીમાં ઉતારા કરી પુસ્તકો છપાવીશ. ઠામ ઠામ ભાષણો આપીશ. આથી સારી પ્રજામાં મારા જ્ઞાનનાં,

મારી આવડતનાં, ને મારી બુદ્ધિનાં વખાણ થશે એ વખાણ રાજાને કાને પહોંચશે. રાજા મને તેના દરબારમાં બોલાવશે. ત્યાં તેમના વિદ્વાનો સાથે મારે ચર્ચા થશે. તે સર્વ વિદ્વાનોને મારી વિદ્વતાથી હરાવીશ આથી રાજા ખૂશ થઇ મને ભારે ઈનામો આપશે. પછી તો—

ગાડી ઘોડા ને નોકરો કોટી ખજાને દામ છે,
આમ પૂરો ઠાઠ જમાવવો એ બહાદુરીનું કામ છે.
વિદ્વતા સૌ દાખવી કરવો પૂરો દમામ છે,
આબરૂ સારી વધારવી એ બહાદુરીનું કામ છે.

પાવકપ્રસાદઃ—ભાઇ, તારા વિચાર તો મને શેખચલ્લી જેવા લાગે છે.

તર્કપ્રસાદઃ—શેખચલ્લી જેવા એટલે ! શ્રીમદ્‌ભાગવત, રામાયણ, મહાભારત, વગેરે પુસ્તકો વાંચ્યાં; તથા શ્રીકૃષ્ણ, અર્જુન, રામ, વગેરે સત્પુરુષોનાં અને કંસ, દુર્યોધન, રાવણ, વગેરે દુષ્ટ પુરુષોનાં ચરિત્રો વાંચ્યાં;પણ શેખચલ્લીનું નામ તો આજેજ સાંભળ્યું. હા, હા. ગુરુજી કહેતા હતા, કે ખરૂં ભણવાનું તો સંસારમાં છે તે આનું નામ હશે. પિતાજી, શેખચલ્લી કોણ ને તેની શી વાત છે ?

પાવકપ્રસાદઃ—શેખચલ્લી તો દુનિયામાં ઘણાય છે. શેખચલ્લી નામનો એક મજુર પણ આપણા ગામમાં છે. હમણાં તે કદાચ આવશે પણ ખરો અને પોતાના વિચારોનું એકાદ પરાક્રમ બતાવશે પણ ખરો.

તર્કપ્રસાદઃ—વાહ ! જે શાળામાં પ્રત્યક્ષ પદાર્થોથી પાઠ આપવામાં આવે તે શાળાનું શિક્ષણ ઉત્તમ ગણાય. સંસારની શાળામાં આવા પ્રત્યક્ષ પાઠો અપાતા હશે એ તો આજેજ જાણ્યું.

ગ્રંથો ભણી મોંએ કરી મનમાં ઘડયાં અનુમાન છે.
નજરે નિહાળી ચાલવામાંજ બહાદુરીનું કામ છે.

ભલે પિતાજી, ત્યારે આપણે અહીં બેસીએ (બંને બેસે છે. મજુર વિચાર કરતો આવે છે.)

વેપારીઃ—શેખચલ્લી. એ શેખચલ્લી. વિચારમાં ને વિચારમાં ચાલ્યોજ જાય છે. સાંભળતોજ નથી. (છેક પાસે જઈ) અરે ભાઈ, શેખચલ્લી.

શેખચલ્લીઃ—કેમ, શેઠ ?

વેપારીઃ—શેઠ તો આ રહ્યા. આ મુંબઈના શેઠ છે. એમનો ઘીનો ઘાડવો કાલુપુરના સ્ટેશને લઈ જવાનો છે. શું લઈશ ?

શેખચલ્લીઃ—ઘાડવો ભારે છે ને જવાનું બહુ દૂર છે. આઠ આના આપજો, શેઠ.

વેપારીઃ—શેઠ મુંબઈના ખરાને એટલે મુંબઈનો ભાવ કહ્યો, પણ આતો અમદાવાદ છે અમદાવાદ.

શેખચલ્લીઃ—તો શેઠ, છ આના આપજો.

વેપારી (શેઠ સામું જોઈ):—કેમ, શેઠ ?

શેઠઃ—Give what you like. (ગીવ વોટ યુ લાઈક. **તમને** ગમે તે આપો.)

વેપારી:—બે આના મળશે.

શેખચલ્લી:—જાવ, શેઠ. છેવટ ચાર આના આપજો.

શેઠ:—Don't take too much trouble. Let it go. (ડોન્ટ ટેઈક ટુ મચ ટ્રબલ. લેટ ઇટ ગો. મહેનત ન લેશો. લેવા દો.)

વેપારી:—લઈ લે. જો બરાબર સાચવીને લઈ જજે. શેઠ અહીંઆ ભોમીઆ થોડા છે.

શેખચલ્લી:—કંઈ વાંધો નહિ.

(એમ કહી ઘાડવો ઉંચકે છે. વેપારી પાછો વળે છે. શેખચલ્લી આગળ ને શેઠ પાછળ એમ ચાલે છે. ચાલતાં ચાલતાં શેખચલ્લી નીચે પ્રમાણે બોલે છે.) હાશ. ઘણા દિવસથી વિચાર કરતો હતો કે એક પૈસો પણ હાથમાં આવે તો મારી આશા પૂરી કરૂં. આજ ચાર આના મળશે. તેની એક મરઘી લઈશ. તે મરઘીનાં બચ્ચાં થશે. તે વેચીને એક બકરી લઈશ. તેનાં બચ્ચાં તથા દૂધ વેચી એક ગાય લઈશ. ગાયનું દૂધ વેચીશ. આથી મારી પાસે સો રૂપીઆ થશે. તેનો વેપાર કરીશ. એક સુંદર ઘર બંધાવીશ. પછી તો હું પરણીશ. મારે એક છોકરો થશે. તે મને દુકાને જમવા તેડવા આવશે. હું ડોકું ધુણાવી ના કહીશ.

(વાતમાં ને વાતમાં ડોકું ધુણાવે છે. ઘાડવો પડી ભાંગી જાય છે.)

શેઠ:—You foolish. (યુ ફુલીશ. અરે મૂર્ખા.) તેં મારો ઘાડવો ભાંગ્યો ?

શેખચલ્લી:—શેઠ, તમારો તો ઘાડવો ભાંગ્યો પણ મારૂં તો ઘર ભાંગ્યું.

શેઠ:—What shall I do? (વોટ શેલ આઇ ડુ. હું શું કરૂં ?) હું તને ગેટ પર બેસાડીશ.

(મજુરને ખેંચી લઇ જાય છે.)

પાવકપ્રસાદ:—તર્કપ્રસાદ, જોયું ?

તર્કપ્રસાદ:—હા, પિતાશ્રી. જોયું ને બરાબર સમજાયું. જે મનુષ્યો પોતાની શક્તિ ઉપરાંતના વિચારો કરી કેવળ લાયકાત વગરનાં અનુમાન દોડાવે છે, તેઓ અંતે કંઈ કરી શકતા નથી. ઉલટું પોતાની પાસે હોય છે, તે પણ ખોઇ બેસે છે.

ટીપે ભરાય તલાવડી, કંકરની જો પાળ છે;
(તેમ) ડગલે ડગલે ચાલવામાંજ બહાદુરીનું કામ છે.
સમય વિચારી ચાલવું સંતોષ સુખનું ધામ છે;
ક્રમે ક્રમે આગળ વધવામાંજ બહાદુરીનું કામ છે.

પાવકપ્રસાદ:—ચાલો, ભાઈ. એ તો સૌ સારાં વાનાં થશે.

(જાય છે.)

પુષ્પ ૧૪ મું.

રાજકુમાર ભીમસીંગનું ઉદારપણું.

પાત્રો.

બ્રાહ્મણઃ—વસ્તુની સમજુતી આપનાર.
રાજસીંગઃ—મેવાડનો રાણો.
ભીમસીંગઃ—રાજસીંગનો મોટો પુત્ર.
જયસીંગઃ—રાજસીંગનો નાનો પુત્ર.

ચાર સરદારો.

સાધનઃ—તરવાર, પ્યાલો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રાજમાર્ગ.

બ્રાહ્મણઃ—અહો! રજપુતોમાં સિસોદીઓઓ ઉંચા કુળવાન ગણાય છે. તેઓ પોતાને સૂર્યવંશી કહેવડાવે છે. ખરેખર, એ વંશમાં કુંભોરાણો, રાણો સંગ, ઉદેસીંગ, રાણો પ્રતાપસીંગ, વગેરે પ્રખ્યાત રાજાઓ થઈ ગયા છે. તેઓનું રાજ મેવાડમાં છે, અને રાજધાની ઉદેપુરમાં છે. હાલ ઉદેપુરમાં રાણો રાજસીંગ રાજ કરે છે. રાણા રાજસીંગનું સદ્ભાગ્ય તો જુઓ! એકજ દિવસે બે કલાકને અંતરે તેની બે રાણીઓએ એકેક પુત્રને જન્મ આપ્યો છે. આતો પરમેશ્વરની પરમ કૃપા કહેવાય. અસ્તુ. જે પ્રથમ જન્મ્યો તેનું નામ ભીમસીંગ ને જે પછી જન્મ્યો તેનું નામ જયસીંગ રાખ્યું છે. રિવાજ પ્રમાણે ભીમસીંગ મોટો કુંવર ગણાય;

માટે રાજસીંગ પછી તે ગાદીએ આવશે. હશે, એ તો હરિનું ધાર્યું થશે. હાલ તો રાજદરબારમાં જઈ રાજાને આશીર્વાદ દઇ મનમાન્યાં ખાનપાન પામું.

(જાય છે.)

પ્રવેશ બીજો.

સ્થળઃ—ઉદેપુરનો રાજદરબાર.

[રાજગાદી પર રાજસીંગ બેઠો છે. પાસે જયસીંગ બેઠો છે. ભીમસીંગ બેઠો છે. આજુબાજુએ સરદાર ઉભા છે.]

રાજસીંગઃ—કુમાર જયસીંગ, તને જો કદાપિ રાજ સોંપીએ તો તને રાજ ચલાવતાં આવડે કે નહિ ?

જયસીંગઃ—કેમ નહિ ? સિંહનાં બચ્ચાંને તે કેળવવાં પડતાં હશે ?

રાજસીંગઃ—શાબાશ, જયસીંગ, શાબાશ. આથી તો તું મને ભીમસીંગ કરતાં વધારે વહાલો લાગે છે. ઇશ્વર કરે ને મારી ધારણા પાર પડે.

(બ્રાહ્મણ આવે છે.)

બ્રાહ્મણઃ—મહારાજનો જય જયકાર થાઓ.

સવૈયા.

લંકાથી હિમાચળ લગભગ, કલકત્તાથી કચ્છ પ્રવેશ,
પંજાબી, સિંધી, સોરઠીઆ, દક્ષિણ, માળવ, આદિક દેશ;
પરદેશો પરજાત વિષે પ્રસરો કીર્તિ જેમ પુષ્પસુવાસ,
રાણા રાજ તપો અવિચળ એ આશિષ દે આ બ્રહ્મ કુમાર.

રાજસીંગઃ—ખજાનચી, આ શુકનિઆળ બ્રાહ્મણને જોઈતું આપી ખુશ કરો.

ખજાનચીઃ—મહારાજની જેવી આજ્ઞા.

બ્રાહ્મણઃ—ગૌબ્રાહ્મણ પ્રતિપાળ રાજાનો જય જયકાર થાઓ. (મનમાં) પણ આ શું ? રાજદરબારમાં આગલી બેઠક મોટા કુંવર ભીમસીંગને બદલે નાના કુંવર જયસીંગને મળી છે ! એ શું ? રાજાનો એની ઉપર અત્યંત સ્નેહ જણાય છે. આ તો એમ લાગે છે, કે કદાચ રાજસીંગ રાજગાદી જયસીંગને આપે. હશે, એ તો હરિનું ધાર્યું થશે. જોઈએ તો ખરા કે શું થાય છે?

રાજસીંગઃ—ઈશ્વરે મને બે પુત્ર આપ્યા છે. તેમાં નાના કુંવર જયસીંગ પર મને વધારે વહાલ છે. મારી પછી એ ગાદીએ બેસે એવી મારી ઇચ્છા છે. પણ મારા આ પક્ષપાતથી કદાચ ભીમસીંગને ખોટું લાગશે, ને તે પોતાના નાના ભાઇ જોડે કજીઓ કરી ગાદીને ધક્કો પહોંચાડશે. તો મારે શું કરવું ? શી યુક્તિ કરવી ? હાં એજ. ભીમસીંગ, લે આ તરવાર. તું ટંટો કરી જયસીંગને નુકસાન કરે, તથા મેવાડની ગાદીને પાયમાલ કરે; તે કરતાં તેનો પ્રાણ આ ઘડીએજ લે તો સારૂં. તારો નાનો ભાઇ આ તારી આગળ ઉભો છે. તું તારા હાથમાંની તરવારનો ઉપયોગ કરી લે, કે પછીથી રાજને સોસવું ન પડે.

બ્રાહ્મણઃ—હં....મારી ધારણા ખરી પડી જણાય છે. રાજાની મરજી જયસીંગને ગાદી આપવાની જણાય છે. પણ કાયદેસર હક ભીમસીંગનો છે, તેથી રાજા ગભરાય છે. ઠીક થાય છે. હશે, એ તો હરિનું ધાર્યું થશે. જોઈએ, હવે ભીમસીંગ શો જવાબ દે છે?

ભીમસીંગઃ—શું? હું આ તરવાર મારા નાના ભાઈ જયસીંગ પર ચલાવું. શા માટે? રાજસુખ માટે. છટ. એ રાજ મારે નથી જોઈતું. હું રાજ કરૂં, તેને બદલે મારો નાનો ભાઈ રાજ કરે તો તેમાં શું ખોટું છે? મને ગમતી વાત છે. મહારાજ, જો આપને એમ લાગતું હોય કે મારે લીધે મેવાડની ગાદીને નુકસાન પહોંચશે, અથવા મારા નાના ભાઈનું કામ બગડશે, તો હું સોગન ખાઇને કહું છું, કે મારે મેવાડની ગાદી જોઇતી નથી. આપે મારા નાના ભાઇને ગાદીએ બેસાડવાની જે ગોઠવણ કરી છે, તે મુજબ ભલે તેને રાજ સોંપો. એ કામમાં હું કદી આડે આવનાર નથી. આથી પણ જો મહારાજના મનની ધાસ્તી દૂર થતી ન હોય તો આપના મનને નિરાંત કરવાને હું પણ લઉં છું, કે મારે આજથી મેવાડની ભૂમિમાં પાણી પીવું હરામ છે, અને જો પીઉં, તો આપનો હું પુત્રજ નહિ.

રાજસીંગઃ—નહિ, નહિ, કુમાર. દેશવટે જવાની કંઈજ જરૂર નથી. તમારાં વચનથી મારી ધાસ્તી દૂર થઇ છે; માટે દેશવટે જવાનો વિચાર જવા દો.

ભીમસીંગઃ—મહારાજ, રજપુત એકજ વખત બોલે, ને બોલે તે પ્રમાણેજ પળે; માટે જે થયું તે થવા દ્યો ને મને આશિષ દઈ રજા આપો.

રાજસીંગઃ—ભલે, કુમાર, પધારો. પરદેશમાં પણ તમારો ભાવિ બળવાન થાઓ.

ભીમસીંગઃ—ભાઈ જયસીંગ, તાતનું સોંપેલું રાજ્ય સારી રીતે ભોગવી પ્રજાને સુખી કરજે હો.

જયસીંગઃ—મોટા ભાઇ, તમે જાઓ એ મને બીલકુલ ગમતું નથી; પણ તમે એવું પણ લીધું છે, કે મારાથી કંઇ બોલાયજ નહિ; અને આપને જતા રોકાયજ નહિ. મને તમારી મોટી ખોટ પડશે.


ભીમસીંગઃ—એ તો સર્વ સારા વાનાં થશે. ચાલો, સરદારો.

(ભીમસીંગ જાય છે.)

બ્રાહ્મણઃ—જોયું ભીમસીંગનું ઉદારપણું! પોતાના નાના ભાઈના સુખ માટે રાજહક છોડયો, ને પિતાના મનને નિરાંત કરવાને દેશવટો લીધો. તો આપણે પણ આ અન્યાયી રાજમાં નથી રહેવું. રાજાને જયસીંગ પર વધારે વહાલ છે, તો આપણને ભીમસીંગના ઉદાર ને ટેકીલા સ્વભાવને લીધે તેની ઉપર વધારે વહાલ છે; માટે આપણે પણ તેની સાથે ચાલો. ભાગ્ય હશે તો પરદેશમાં પણ ઉદય થશે, ને હરિનું ધાર્યુ થશે. (જાય છે.)

રાજસીંગઃ—ગુમાનસિંહ, સભા બરખાસ્ત કરો.

ગુમાનસિંહ—મહારાજની આજ્ઞાથી સભા બરખાસ્ત કરવામાં આવે છે. (સર્વે જાય છે.)



પુષ્પ ૧૪ મું - "ભીમસીંગનું ઉદારપણું"

પ્રવેશ ૩ જો.

સ્થળ:—જંગલ.

ભીમસીંગ:—રાજ્ય છોડયું. રાજમહેલ છોડયો; માતૃભૂમિ છોડી દેશવટો લીધો. પ્રભુ, હવે હું તારે શરણ છું. મારૂં તથા મારાં માણસોનું તું રક્ષણ કરજે.

બ્રાહ્મણ:--રાજકુમાર, **सत्यमेव जयते**. દુનિયામાં સત્યનોજ જય છે. આપનું આચરણ સત્ય છે, તો ઇશ્વર જરૂર આપને સહાય કરશે. હવે અહીં આપણી માતૃભૂમિનો છેડો આવે છે. તે તરફ જરા ઝાંખી કરવી હોય, તો અહીં જરા વિરામ કરો.

ભીમસીંગ:—ભલે, બેસો બધા. માનસીંગ, તરસ બહુ લાગી છે. પેલા ઝરામાંથી થોડું પાણી લાવો તો સારૂં.

માનસીંગ:--લાવું, મહારાજ. (જાય છે.)

બ્રાહ્મણ:—રાજકુમાર, તમે ઘણો સ્વાર્થભોગ આપ્યો.

ભીમસીંગ:--ભૂદેવ, મારા પુત્રધર્મ અને બંધુધર્મ આગળ તે કંઇ હિસાબમાં નથી.

માનસીંગ:—(પાણી લાવીને) લો, મહારાજ. આ પાણી.

ભીમસીંગ:--લાવો. (પાણી પીવા જાય છે.) અરે! આ શું? ઉદેપુરના રાજદરબારમાં મેં પણ લીધું છે, કે મેવાડની હદમાં મારેં પાણી પીવું પણ હરામ છે. તો હું આ શું કરૂં છું? (પ્યાલું ફેંકી દે છે.) ચાલો, સરદારો. પરહદમાં ગયા પછીજ હવે મુકામ કરીશું, અને અન્નજળ લઈશું. (સર્વે જાય છે.)

પ્રવેશ ૪થો.

સ્થળઃ—રસ્તો.

બ્રાહ્મણઃ—ભાગ્ય ખીલ્યું; બહુજ ખીલ્યું; પણ કરમાઇ ગયું. મેવાડનું રાજ્ય છોડી ભીમસીંગ દિલ્હીના પાદશાહના દરબારમાં ગયા. ત્યાં બહુ સત્કાર પામ્યા. ત્રણ હજાર ઘોડેસ્વારના ઉપરી થયા. પણ સઘળા દહાડા સરખા જતા નથી. પડતી પછી ચડતી ને ચડતી પછી પડતી. એ ઇશ્વરી નિયમ પ્રમાણે રાજકુમાર ભીમસીંગને સિંધુ નદીની પેલી પાર કામગીરી પર જવું પડયું, ત્યાં તેમનો કાળ થયો. તેમનો દેહ આજ નથી, પણ તેમની કીર્તિ હજી ઝળહળે છે. ધન્ય છે તેમના ઉદારપણાને, ને ધન્ય છે, તેમના ટેકને!! દરેક માણસે એજ રીતે ઉદાર ને ટેકીલા બનવું જોઇએ; મરીને જીવવું જોઇએ, ને દુનિયામાં પોતાનું નામ અમર કરવું જોઇએ. અસ્તુ. (જાય છે.)

પુષ્પ ૧૫ મું.

રાજા ભોજ.

પાત્રો.

કાળિદાસઃ—એક કવિવર.

ભોજઃ—માળવાનો રાજા.

ચાર પંડિતોઃ—રાજા ભોજના કવિઓ.

વિદ્વાનઃ—એક કવિ.

પ્રધાન, દરબારીઓ, ભરવાડ, વગેરે.

સાધનોઃ—ડાંગ, રોટલા,

પ્રવેશ ૧ લો.

રાજમાર્ગ.

કાળિદાસઃ— શાર્દૂલવિક્રીડિત.

શ્રી કૈલાસ જડે થકી નચવતો દાબેલ લંકાપતિ,
તે દૈવી જનની પુરી ત્રિપુરના ત્રાસે બચાવી લીધી;
પીંખી પ્રૌઢ જટાઘટા ધન ઘણી શિરે શ્રીગંગા ધરી,
ભોળા એવ સમર્થ શિવ સહુને રક્ષો સદા સ્નેહથી.

ખરેખર, માળવાના રાજા ભોજ પણ શિવજીના જેવા જ દયાળુ ને સમર્થ છે. માળવાની ગાદી ઉપર ભર્તૃહરિ, વીર વિક્રમ, વગેરે પ્રખ્યાત રાજાઓ થઇ ગયા છે; પણ ભોજ રાજાની ખ્યાતિ કંઇ તેમનાથી ઉતરતી નથી. એ રાજા વિદ્યાનો શોખીન, ઉદાર દીલનો, પરદુઃખભંજન ને પરાક્રમી છે. સાંભળ્યું છે, કે જે કોઇ નવો શ્લોક બનાવી લાવે છે, તેને

ભોજ રાજા સવા લાખ રૂપીઆ ઇનામ આપે છે. હું પણ એક નવો શ્લોક બનાવી જાઉં. ચાલ જીવ. દરબારનો વખત થવા આવ્યો છે, તો વેળાસર ઘેર જઇ, નવો શ્લોક તૈયાર કરી, સારાં સારાં ભોજન જમી, ઉત્તમ વસ્ત્રો ધારણ કરી, કુંકુંનો ચાંલ્લો કરી, સારા શુકન જોઇ દરબારમાં જાઉં, કે જેથી એકદમ સવા લાખ રૂપીઆ મળી જાય. હાં! હુંએ એક આબાદ માણસ છું.

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

ભોજ રાજાનો દરબાર.

(છડીદાર છડી પોકારતાં રાજા આવે છે. દરબારીઓ રાજાને નમસ્કાર કરી બેસે છે.)

ભોજઃ—પ્રધાનજી.

પ્રધાનઃ—જી મહારાજ.

ભોજઃ—મેં તમને જે સમાચાર નગરમાં ફેલાવવાની આજ્ઞા કરી હતી તે પ્રમાણે થયું છે, કે નહિ?

પ્રધાનઃ—મહારાજ, સારા નગરમાં એ વાત ફેલાઇ ગઇ છે, કે જે કોઇ નવો શ્લોક બનાવી લાવશે તેને દરબારમાંથી સવાલાખ રૂપીઆ ઇનામ મળશે. પ્રજાજન આપના આ કાર્યથી આપનાં બહુ વ....

ભોજઃ—બસ વખાણની જરૂર નથી.

એક વિદ્વાનઃ—શ્રીમાન ચક્રવર્તી મહારાજા ભોજનો જય જયકાર થાઓ.

ભોજઃ—પધારો, મહારાજ. આ આસને બેસો. કહો, કેમ આવવું થયું છે ?

વિદ્વાનઃ—સાંભળ્યું છે, કે જે કોઈ નવો શ્લોક બનાવી લાવે છે, તેને દરબારમાંથી સવા લાખ રૂપીઆ ઇનામ મળે છે,

ભોજઃ—હા,

વિદ્વાનઃ—તો હું એક નવો શ્લોક બનાવી લાવ્યો છું. આજ્ઞા હોય તો બોલું.

ભોજઃ—ખુશીથી બોલો. પંડિતો તમે પણ સાંભળજો.

વિદ્વાનઃ— દ્રુતવિલંબિત,

વિવિધ વૈભવથી જગ આ ભર્યું,
મનુજ નિત્ય સુખો ગણતા સહુ;
પ્રભુલીલાની ખુબી જન કો લહે,
ક્ષણિક છે સુખના ચમકાર એ.

ભોજઃ—અહો ! કેવી શબ્દોની ગોઠવણી ! ! કેવો સુંદર ભાવ ને કેવો ઉંડો બોધ ! ! ! પંડિતો કવિતા ઉત્તમ જણાય છે.

૧લો પંડિતઃ—હા, મહારાજ. નવી વસ્તુ હંમેશાં ઉત્તમજ હોય.

ભોજઃ—પ્રધાનજી, આ વિદ્વાનને તિજોરીમાંથી સવા લાખ રૂપીઆ અપાવો.

પ્રધાનઃ—જેવી મહારાજની આજ્ઞા. (પ્રધાન ને વિદ્વાન જાય છે.)

(બાજુએ ચાર પંડિતો અંદર અંદર વાતચીત કરે છે.)

૧લો પંડિતઃ—સવા લાખ રૂપીઆ ! ! !

૨જો ,, :—અરે આ ઇનામથી તો એ ન્યાલ થઇ જશે !

૩જો ,, :—હવે તો ઘણા જણ આવા શ્લોક બનાવી લાવશે ને પૈસાદાર થઈ જશે.

૪થો ,, :—પછી આપણી કિંમત કોડીની થઇ જશે.

૧લો ,, :—અને જો કોઇ સારા વિદ્વાન રાજાને મળી જશે તો આપણા પગ દરબારમાંથી ટળી જશે.

૨જો ,, :—આથી તો આપણા હકને મોટું નુકશાન થશે.

૩જો ,, :—તો આનો કંઇ ઉપાય કરવો જોઇએ.

૪થો ,, :—ઉપાય તો સહેલો છે. ઇશ્વરે આપણને ઉંચી સ્મરણશક્તિ આપી છે. તમને એક વખત, આમને બે વખત, આમને ત્રણ વખત, ને મને ચાર વખત કવિતા બોલાય તો તે યાદ રહી જાય છે. જો કોઇ નવો શ્લોક બનાવી લાવે તો આપણે એક પછી એક બોલી જવો.

૨જો પંડિતઃ—એટલે શ્લોક જુનો ઠરશે ને ઇનામ મળતું અટકશે.

૩જો પંડિતઃ—તો આપણે તે પ્રમાણે કરવું. સૌ પોતપોતાના કામમાં સાવધ રહેજો. (કાળિદાસ આવે છે.)

કાળિદાસઃ—શ્રીમાન છત્રપતિ મહારાજાનો જય જયકાર હો.

ભોજઃ-પધારો, ભગવન. આ આસને બિરાજો. કહો કેમ આવવું થયું છે ?

કાળિદાસઃ—સાંભળવા પ્રમાણેનું ઈનામ મેળવવાની આશાથી હું એક શ્લોક બનાવી લાવ્યો છું.

ભોજઃ—બોલો જોઇએ.

કાળિદાસઃ—સાંભળો મહારાજ. [શિખરિણી.]

ઝગે ભાનુ વ્યોમે ઘટ ઘન વડે ના ક્ષિણ થતો,
સરિતાની રેલે હદવિહીન ના સાગર થતો;
કરે, ઘા કોઢાના નહિં રસ તજે ચંદન તરુ,
પડે આપત્તિમાં ગુણી ગુણ તજે ના બની ભિરુ.

૧ પંડિતઃ—મહારાજ, એ શ્લોક તો હું જાણું છું. તે આ પ્રમાણે છે. (બોલે છે.)

૨ પંડિતઃ—એ શ્લોક હું પણ ભણ્યો છું. તે આ પ્રમાણે. (બોલે છે.)

૩ પંડિતઃ—મહારાજ, એક વખત મારા ગુરુ ઉપદેશ આપતા હતા, ત્યારે તે આ શ્લોક બોલ્યા હતા, અને અમને સારા રાગે મોંએ પણ કરાવ્યો હતો. તે મને જેવો ને તેવો યાદ છે. (બોલી જાય છે.)

૪ પંડિતઃ—એ શ્લોક હું પણ જાણું છું. કહો તો બોલી જાઉં.

ભોજઃ—બોલવાની કંઇજ જરૂર નથી. આ ઉપરથી એમ જણાય છે, કે, શ્લોક જુનો છે. ભગવન, તમારો શ્લોક અમારા પંડિતો જાણે છે. તે નવો નથી; માટે ઇનામ મળશે નહિ. બીજો નવો શ્લોક બનાવી લાવશો તો ઇનામ મળશે.

કાળિદાસ—મહારાજ, શ્લોક તો નવોજ છે; છતાં જુનો ઠરે છે, તો જેવું મારૂં નસીબ. (બાજુ પર.) થઈ રહ્યું. નાહી નાખો. નવો શ્લોક જુનો ઠર્યો. જુઓ તો ખરા નસીબના ખેલ! હાલજ નવો શ્લોક બનાવી દરબારમાં આવ્યો છું, ત્યાં તે જુનો ઠરે છે. એ પંડિતો મારા મગજમાં પેસી ગયા હશે? અહં, એ તો એમ કહે છે, કે અમારા ગુરુએ શ્લોક ભણાવ્યો છે; એટલે આ શ્લોક તો ઘણાં વર્ષો પર લખાયો છે. હોય, કોઈએ લખ્યો હોય, મેં વાંચ્યો હોય ને એથી તે મારા મગજમાં પેસી ગયો હોય. પણ મેં આવો શ્લોક વાંચ્યો કે જોયો પણ નથી. ઈશ્વર સાક્ષીએ કહું છું કે મેં તે નવોજ બનાવ્યો છે. ત્યારે જુનો ઠરવાનું કારણ શું? હાં, એતો એ ચાર પંડિતોનુંજ કપટ છે. ઇશ્વરે તેમને યાદ રાખવાની ઉંચી શક્તિ આપી છે, તેનો તેઓ અખતરો કરે છે. ભલે કરે. પણ હુંએ એક આબાદ માણસ છું. એ ચારને બદલે ચોરાશી હોય તોય પૂરો પડું એવો છું. હવે એવો શ્લોક બનાવી જાઉં કે તે નવો ઠરે કે જુનો ઠરે તો પણ સવા લાખ રૂપીઆ મળેજ. હા આમજ. (શ્લોક તૈયાર કરે છે.) બરાબર. ઇનામ હવે તું કયાં જવાનું છે. (રાજા સમક્ષ.) મહારાજ, મારો પહેલો શ્લોક નવો છતાં કારણ વસાત જુનો ઠર્યો છે, તો હું બીજો શ્લોક બનાવી લાવ્યો છું. ખાતરીથી કહું છું કે આ શ્લોક જુનોતો તો નહિજ ઠરે.

ભોજ:—બોલો જો.

કાળિદાસઃ— સ્ત્રગ્ધરા.

ધારાપુરી અધીશા ગુણુનિધિ વરિષા આપના પૂર્વજો તે,
મારા પિતામહોના ઋણી કંઇ જુગના છે સવાલાખના એ;
આપો પાછા મને કે અઘટિત ઘટના છે બનાવી કહો તો,
રૂપૈયા લાખ સવ્વા નવિનકૃતિ તણા રીતથી માગું લાવો.

૧લો પંડિતઃ—અરે આ શ્લોક તે આપણાથી શી રીતે બોલાય ?

૨જો ,, :—રાજાના બાપદાદા તે આ બ્રાહ્મણના બાપદાદાના દેવાદાર હોય ?

૩જો ,, :—જો શ્લોક બોલીએ તો રાજાના બાપ દેવાદાર છે, એ વાત સાચી ઠરે છે.

૪થો ,, :—અને નથી બોલતા તો શ્લોક નવો ઠરે છે. રાજાના લે’ણદારના સાક્ષી બનવું તે કરતાં શ્લોક નવો ઠરે એજ ઉત્તમ છે.

૧લો પંડિતઃ—હા, હા. એમજ. ભલે શ્લોક નવો ઠરે.

ભોજઃ—અરે, આ શ્લોક દ્વિઅર્થી જણાય છે. આવો શ્લોક બનાવવાનું કંઇ કારણ હોવું જોઇએ. લાવ પૂછું. ભગવન્, આ શ્લોકમાં આવો અર્થ કેમ ઘટાવ્યો છે ?

કાળિદાસઃ—મહારાજ, પ્રથમ આપના આ પંડિતોને પૂછી ખાતરી કરો કે આ શ્લોક નવો છે કે જુનો: કારણની વાત પછી.

ભોજઃ—પંડિતો, તમે આ શ્લોક જાણો છો ?

૧લો પંડિતઃ—ના, મહારાજ. આ શ્લોક તો અમે કદી

સાંભળ્યો નથી. આપના બાપદાદા તે આ બ્રાહ્મણના બાપદાદાના દેવાદાર હોય ?

કાળિદાસ:—નાજ હોય. અં....ત્યારે આબાદ માણસ છું.

ભોજ:—ભગવન, તમારો શ્લોક નવો છે. તેના તમને સવા લાખ રૂપીઆ મળશેજ. હવે કહો, કે શા માટે આવો શ્લોક બનાવવો પડયો ?

કાળિદાસ:—મહારાજ, દીવા પાછળ અંધારૂં હતું, તે ટાળવા માટે.

ભોજ:—એટલે.

કાળિદાસ:—એટલે કે આપ વિદ્યાની વૃદ્ધિ કરવા માટે જ્યારે ઈનામો આપો છો, ત્યારે આ ઈર્ષાળુ પંડિતો તેમાં આડે આવે છે. બીજાને સવા લાખ રૂપીઆ મળે તે તેમનાથી સહન થતું નથી. ઇશ્વરે એમને યાદ રાખવાની ઉંચી શક્તિ આપી છે, તેનો તેઓ ખોટો ઉપયોગ કરે છે. જે કોઇ નવો શ્લોક બનાવી લાવે છે, તે તે બોલી જઈ જુનો ઠેરવે છે. એજ રીતે મારો પહેલો શ્લોક નવો છતાં જુનો ઠર્યો; તો આ એવો શ્લોક બનાવ્યો કે તે બોલી જઇ જુનો ઠેરવી શકેજ નહિ.

ભોજ:—શાબાશ, ભગવન, શાબાશ. તમને સવા લાખ નહિ, પણ અઢી લાખ રૂપીઆ ઇનામ મળશે. વળી તમારી બુદ્ધિથી હું પ્રસન્ન થઇ આજથી તમને હું મારા વડા પંડિતની જગાએ નીમું છું. ઇર્ષાળુ પંડિતો, તમે બીજાનો દ્વેષ કરવાથી તમારી જાતના દ્વેષી થયા છો.

જાઓ, આજથી તમારે મારા દરબારમાં પગ સરખો પણ મૂકવો નહિ. (પંડિતો જાય છે.) ભગવન, રિવાજ પ્રમાણે આજે છુપા વેશે નગરમાં ફરવા જવાનો મારો વિચાર છે. તમે આવશો ?

કાળિદાસઃ—ખુશીથી આવીશ. મને પણ કંઇ જોવાનું ને જાણવાનું મળશે.

ભોજઃ—તમારૂં નામ ?

કાળિદાસઃ—આ મૂર્તિને લોકો કાળિદાસ કહે છે.

ભોજઃ—ઠીક, ચાલો ત્યારે.

કાળિદાસઃ—ચાલો મહારાજ. જોયું ? કેવો આબાદ માણસ છું. (જાય છે.)

પ્રવેશ ૩ જો.

તળાવ કાંઠો.

કાળીદાસઃ—મહારાજ, ફરતા ફરતા આપણે નગર બહાર તળાવની પાળ સુધી આવી પહોંચ્યા. ગ્રામ્ય જનોની પરીક્ષા કરવાનું આ સ્થળ ઠીક છે.

ભોજઃ—કાળિદાસ, તો આપણે અહીંજ બેસીએ. (બેસે છે.)

ભરવાડઃ—હાશ. ઘણોજ થાચ લાજ્યો સે. (બેસે છે. પોટલું છોડી રોટલા ખાય છે. પછી પાણી પીએ છે.)

કાળીદાસઃ—અરે ભાઇ, જમ્યા પછી તરતજ પાણી પીવું એ ઝેર બરાબર છે.

ભરવાડઃ—હેં....હું....પાણીમાં ઝેર ઉતું ? તો તારે પેલેથી કે'વું ઉતુ કની. ચાલ, રાજા પાંહે તારો નિયા કરાવું ને ફાંહી દેવાડું. (કાળિદાસનો હાથ ખેંચે છે.)

કાળિદાસઃ—ભલા માણુસ, હું તો એમ કહું છું કે ખાધા પછી તરતજ પાણી પીવાથી શરીરને નુકસાન થાય છે. પાણીમાં કંઇ ઝેર નથી.

ભરવાડઃ—હં....તારે એમ હું બોલે હે. હાચે હાચું કે'તો નથીને. બોલ તારે. પાણી કારે પિવાય ?

કાળિદાસઃ—ખાધાની વચમાં.

ભરવાડઃ—એજ કની. લે વાત લાયો છે મોટી. (બીજા રોટલા ખાઇને.) લે હવે વચ્ચે પાણી થીયું કની ?

કાળિદાસઃ—હા.

ભરવાડઃ—લો ભાયા, રામ રામ. હારી હેંકામણ દીધી. (જાય છે.)

ભોજઃ—આ ભરવાડને કેટલી બધી ભૂખ લાગી હશે ?

કાળિદાસઃ—મહારાજ, એ લોકોને મહેનત વધારે કરવાની એટલે ખોરાક વધારે જોઇએજ; પણ આપે જોવાનું જોયું ?

ભોજઃ—શું ?

કાળિદાસઃ—એક ભરવાડને પણ રાજાના ન્યાય પર કેટલો બધો વિશ્વાસ છે ?

ભોજઃ—પ્રજા રાજા પાસે ન્યાય ન માગે, તો કોની પાસે માગે ?

કાળિદાસઃ—ખરી વાત છે. પણ રાજા સારા હોય, તોજ ન્યાયની આશા રાખી શકાય છે.

ભોજઃ—રાજાએ ન્યાયથી રૈયતનું રક્ષણ કરવું એ તેની અગત્યની ફરજ છે.

કાળિદાસઃ—સત્ય છે, મહારાજ. પણ રાજમદમાં થોડાજ પોતાની એ ફરજ સમજે છે; અને સમજીને કોઇકજ

તે સારી રીતે અદા કરે છે. માળવાની ગાદી ઉપર આપ ન્યાયી રાજા બિરાજો છો, તેથી અમે માળવાની પ્રજા ભાગ્યશાળી છીએ. આ કારણથી પ્રભુની પ્રાર્થના કરીએ છીએ કેઃ—

અનુષ્ટુપ.

યાવત્ સૂર્ય શશી કેરી જ્યોતિ વ્યોમ વિષે ઝગે,
વહો કીર્તિ વિભુ ! તેવી રાજા ભોજની સૌ દિશે.

પુષ્પ ૧૬ મું.

ભીષ્મ પ્રતિજ્ઞા.

પાત્રો.

બટુકઃ—એક બ્રાહ્મણ.
દેવવ્રતઃ—શંતનુ રાજાનો પુત્ર.
માછી રાજા, પ્રધાન, વગેરે.

પ્રવેશ ૧ લો.

રાજમાર્ગ.

બટુકઃ— ઉપજાતિ છંદ.

હતો ખરો રાજ્યનો હક્ક છોડી,
અરણ્ય સેવ્યું સહી કષ્ટ કોટિ;
સેવા પિતાની સુપ્રમાણી જેણે,
તે જાનકી નાથ વંદું તમોને.

મારો વહાલો દેવવ્રત જાણે બીજો રામનોજ અવતાર ! માત પિતાની સેવામાં આઠે અંગે ખડો ને ખડોજ રહે છે.

સવારમાં ઊઠીને માતપિતાને નમસ્કાર કરવા, નાહીને તેમની ચંદન પુષ્પાદિથી પૂજા કરવી, અને શંતનુ રાજા બોલાવે ત્યારે 'આજ્ઞા્યોજી,' 'હાજી,' હાથ જોડીનેજ વાત. મને પણ થોડો સંગનો રંગ લાગ્યો છે, ખરો. એ દેવવ્રતના સત્સંગનો લાભ. એની મિત્રતામાં મને એક બીજો પણ લાભ છે, જાણો છોને? દેવવ્રત એક દી રાજા થવાનો છે; ત્યારે આ બટુક રાજમિત્ર કહેવાશે; માન, પાન ને ખાનમાં આપણો પણ ભાવ પૂછાશે. પણ જો હું મારો મિત્રધર્મ યથાર્થ પાળું તો. હાં એજ ખરૂ છેને. અહો! દેવવ્રત સામેથીજ આવે છેને. પણ આમ કેમ? આજ એનું વદનકમળ પ્રફુલ્લ ન જણાતાં કરમાયલું માલમ પડે છે. (દેવવ્રત આવે છે.) મિત્ર દેવવ્રત, આજ ઉદાસ કેમ?

દેવવ્રતઃ—બટુક, જેના પિતાનો જીવ ઉદાસ હોય, તે પુત્રનો જીવ કેમ આનંદમાં હોઇ શકે?

બટુકઃ—તેમની ઉદાસીનું કારણ? શરીરપ્રકૃતિ શિથિલ તો નથીને?

દેવવ્રતઃ—ના, ઉદાસીનું કારણ મનોવેદના છે.

બટુકઃ—અને મનોવેદનાનું કારણ?

દેવવ્રતઃ—તે તે નથી જણાવતા.

બટુકઃ—હાં, એજ ખરૂં છેને. વારૂ. એક બીજું માણસ પણ તેમના હૃદયનું જાણકાર હોય છે, તે તમે નથી જાણતા?

દેવવ્રતઃ—ના.

બટુકઃ—સાંભળો, મંત્રીજી એ રાજ્યનું પ્રધાનઅંગ છે, તેમ

રાજાનું તે બીજું હૃદય છે. રહો, હું તેમને બોલાવું. તે તમને સર્વ હકીકત જણાવશે. (બટુક જાય છે.)

દેવવ્રતઃ—પિતાજીની ચિકિત્સા જોતાં એટલું તો જણાય છે, કે તેમની ઉદાસીનું કારણ હું છું. પણ શાથી તે જણાય તો ઉપાય થાય. આ બટુક મશ્કરો તો છે, પણ બુદ્ધિશાળી છે. કદાચ તેમને મદદરૂપ થઈ પડશે. (પ્રધાન ને બટુક આવે છે.)

બટુકઃ—આ મંત્રીજી આવ્યા. તેમને પૂછો. હાં, પણ ઉભા રહો. તેમને પણ મુગા રહેવાનો વ્યાધિ છે. તેનો ઉપાય કરૂં પછી જે પૂછવું હોય તે પૂછો. પ્રધાનજી, મારા મિત્રકાર્યની ખાતર મારે આપને કહેવું પડે છે, કે તે જે પૂછે તેનો યથાર્થ જવાબ ન આપો તો આપને માતા ગંગાજી ને શંતનુ રાજાના સમ છે.

પ્રધાનઃ—રાજકુમાર, જે પૂછવું હોય, તે ખુશીથી પૂછો.

દેવવ્રતઃ—પિતાજીની ઉદાસીનું કારણ જણાવો.

પ્રધાનઃ—મારે જણાવવુંજ પડશે.

બટુકઃ—હાજી.

પ્રધાનઃ—તો જણાવું છું. માછી રાજાને મત્સ્યગંધા વા યોજનગંધા વા સત્યવતી નામે એક સ્વરૂપવાન કન્યા છે. ગમે તે કારણસર રાજાજીની ઇચ્છા તેની સાથે લગ્ન કરવાની થઈ છે.

દેવવ્રતઃ—તો લગ્ન કરે. માછી રાજા પાસે તેની માગણી કરે. તેમાં હરકત શી છે ?

બટુકઃ—હાં તેમાં હરકત શી છે ?

પ્રધાનઃ—તેઓ કરી ચૂકયા; પણ માછી રાજા કન્યા આપવાની ના પાડે છે.

દેવવ્રતઃ—કારણ?

પ્રધાનઃ—કારણ હું કહું તે કરતાં આપજ માછી રાજાને પૂછીને જાણો એમાંજ મારૂં ને આપનું ભૂષણ છે.

બટુકઃ—એમાં શું? મિત્ર, આપણે માછી રાજા પાસે જઇએ ને તે કન્યાનું માગું કરીએ. એ ખલાસીના શા ભાર છે, કે તે રાજાની માગણીનો અનાદર કરે.

દેવવ્રતઃ—મંત્રીજી, હવે આપ પધારો. આટલીજ જરૂર હતી. બાકી મારૂં કર્તવ્ય તો હુંજ બજાવીશ. પરિશ્રમ માટે ક્ષમા યાચું છું.

પ્રધાનઃ—કંઈ નહિ કુમાર. અમ જેવા પણ આખરે આપના તો સેવકજને? એ મારી ફરજજ હતી. (સ્વગત.) પુત્રરત્ન હો તો આવાં હો! બાળક હો તો આવાં હો!! અને નાનાં હો તોપણુ આવાં હો!!! (મંત્રી જાય છે.)

દેવવ્રતઃ—બટુક, આમાં આવેશની જરૂર નથી. ખલાસી પણ આ રાજ્યની પ્રજા છે. તેનો જીવ દુભવવો એ મારી કે પિતાની ઈચ્છા નજ હોય. એની કંઈક માગણી હશે, તે પિતાજી નહિ આપી શકતા હોય; તેથી વાત આટલેથી અટકી છે. ચાલો, આપણે તે જાણીએ, ને આપણું બનતું કરીએ.

બટુકઃ—ચાલો, મિત્ર. એજ ખરૂં છે. (દેવવ્રત ને બટુક જાય છે.)

સંવાદ પુષ્પ માળા



પુષ્પ ૧૬ મું – " ભિષ્મ પ્રતિજ્ઞા

પ્રવેશ ૨ જો.

માછીરાજાનું ઘર.

[માછીરાજા બેઠો છે. એટલામાં દેવવ્રત ને બટુક આવે છે.]

માછીરાજાઃ—પધારો, પધારો, રાજકુમાર. (બેસે છે.) અહો, આજ મારી ઝુંપડી શાથી પાવન કરી ?

દેવવ્રતઃ—એક માગણી માટે.

માછીરાજાઃ—સમજ્યો. પણ આપે જાણ્યું નહિ, કે જેવી તમારી માગણી તેવી મારી પણ એક માગણી છે.

દેવવ્રતઃ—ના, તેથીજ પુછું છું. તમારી જે માગણી હોય તે જણાવો. પિતાનું મન રંજન કરવામાં તેમનો પુત્ર યત્કિંચિત પાછી પાની કરશે નહિ.

માછીરાજાઃ—આગ્રહ કરો છો, તો જણાવું છું, કે દીકરીનો સંબંધ બાંધતાં પહેલાં તેના હિતાહિતનો વિચાર તેના પિતાએ કરવો ઘટે છે.

દેવવ્રતઃ—અલબત.

બટુકઃ—ખરૂં છે.

માછીરાજઃ—મારી દીકરી કોઈ પણ રાજાને જ્યારે પરણે ત્યારે તે રાજરાણી તો થાયજ.

દેવવ્રતઃ—થાયજ; અને થશેજ. એમાં સંશય શાનો ?

બટુકઃ—હાં, ખરૂં; તદ્દન ખરૂં છે.

માછીરાજાઃ—પણ મારી દીકરી કોઈ યુવરાજને પરણે તો તેને રાજમાતા થવાનો લાભ મળે. સમજ્યા ?

બટુકઃ—સમજ્યો. બરાબર સમજ્યો. મારા દાદા એક દિવસ વાત કરતા હતા કે ખલાસીની જાત બહુજ

ચકોર હોય છે. તે ભર દરીએ રસ્તા વગર ધારેલે સ્થળે વહાણુ દોરી જાય છે. આજ એનો અનુભવ થયો કે એ તદ્દન ખરૂં છે. બટુક, ભવિષ્યની ઈમારતનો પાયો ડોલવા લાગ્યો છે. આ તો દેવવ્રતના રાજ્યહક પર તરાપ છે. રાજમિત્ર થવાની અભિલાષા પર કારી ઘા છે.

દેવવ્રતઃ—માછીરાજ, તમારી દીકરી રાજમાતા થશે, એવું હું વચન આપું છું. શંતનુ રાજા પછી તમારી દીકરીનો દીકરો ગાદી પર બેસશે. હું ગાદી પરથી મારો હક ઉઠાવું છું. લો વચન ને કરો લગ્ન.

માછીરાજા—રાજકુમાર, ઉતાવળા ન થાઓ. આપ બોલ્યા તે પ્રમાણે પળશોજ. એમાં મને લેશ પણ સંશય નથી. પણ ભવિષ્યમાં આપને ત્યાં પુત્ર થાય, ને વડિલ પુત્રના પુત્ર તરીકે તે ગાદીનો દાવો કરે તેનું કેમ?

બટુકઃ—(મનમાં) સમજ્યાને. રખે સમજતા કે ગામડીઆ ગમાર હોય છે. અરે એ પણ એવા ઉઠાઉગીર હોય છે, કે ગમે તેવાને માથું કુટાવે ને રડાવે. તાજોજ દાખલો. ભાઈ, રહેવા દો. આ તો કોઠી ધોઈને કાદવ કાઢવા સમાન છે.

દેવવ્રતઃ—બટુક. અત્યારે તારે બોલવાનો પ્રસંગજ નથી. **માછીરાજ, હસ્તિનાપુરના રાજા શંતનુનો પુત્ર દેવવ્રત સૂર્ય, ચંદ્ર અને આ સજ્જનવર્ગ સમક્ષ પ્રતિજ્ઞા કરે છે, કે તે કદી પણ હસ્તિ-**

નાપુરની ગાદી પર બેસશે નહિ, અને આ જિંદગીમાં તે કદી લગ્ન પણ કરશે નહિ. આખું જીવન બ્રહ્મચર્યાવસ્થામાંજ વ્યતીત કરશે. માગો, માછીરાજ, માગો. હજુ પણ માગો. પિતાના સુખ માટે આજ દેવવ્રત સર્વસ્વ અર્પણ કરવા તૈયાર છે.

માછીરાજાઃ—ક્ષમા કરો, કુમાર, ક્ષમા કરો. હું કન્યા આપવા તૈયારજ છું. આપ આટલી હદે જશો એવી મારી ધારણા ન હતી. હું કે મારો પુત્ર કે પુત્રનો પુત્ર ગાદીનો હક્ક નહિ કરે, એટલું કહ્યું હોત તો ચાલી શકત. મને આપના વચનમાં શ્રદ્ધાજ હતી. આજ તમને આવી સ્થિતિમાં લાવી મેં દુભવ્યા છે; માટે ક્ષમા આપો.

દેવવ્રતઃ—માછીરાજ, દુનિયામાં સૌ પોતપોતાનો ધર્મ બજાવવા જન્મ્યા છે. તમે તમારો પિતૃધર્મ બજાવ્યો; મેં મારો પુત્રધર્મ બજાવ્યો. તમે દીકરીના હિતનો વિચાર કર્યો; મેં પિતાના સુખનો વિચાર કર્યો. એમાં મારો, તમારો કે કોઇનો દોષજ ન કહેવાય; અને દોષ નહિ, તો ક્ષમા શાની માગવી?

માછીરાજાઃ—જો એમજ હોય તો આજ મારે ત્યાં ભોજન જમી મને કૃતાર્થ કરો.

દેવવ્રતઃ—જેવી તમારી ઈચ્છા.

માછીરાજાઃ—તો આપ અત્રે જરા વિશ્રાંતિ લો. સમય થયે હું આપને બોલાવવા આવું છું.

દેવવ્રતઃ—ભલે. (માછીરાજા જાય છે.) (સ્વગત) માછીરાજની આવી માગણી પુત્રવત્સલ પિતા શી રીતે સ્વીકારે ? અથવા તે મને પણ શી રીતે જણાવે ? મારેજ તે જાણી લઈ તે મુશ્કેલી દૂર કરવી જોઇતી હતી. આજ હું તે કરી શકયો છું. આજજ મેં ખરેખરી પિતૃ-સેવા બજાવી છે, તેથી મને આનંદ થાય છે. બટુક, હવે હું આનંદમાં છું. હવે તારે જે વિનોદવાર્તા કરવી હોય તે કર.

બટુકઃ—મારે આ વિનોદનો પ્રસંગ નથી.

દેવવ્રતઃ—કેમ ?

બટુકઃ—મારા જીવને ઠીક નથી એમ.

દેવવ્રતઃ—તારા જીવને થયું શું ?

બટુકઃ—હાં, એજ ખરૂં છેને. મારે આનંદ ત્યારે તમારે ઉદાસી; તમારે આનંદ ત્યારે મારે ઉદાસી.

દેવવ્રતઃ—પણ મારી ઉદાસી તો તારી મદદથી દૂર થઈ. તારી ઉદાસીનું કારણ તું જણાવ. તારી ઉદાસી દૂર કરવી એ હવે મારૂં કર્તવ્ય છે.

બટુકઃ—બધુંય કર્તવ્ય છે, પણ હાથીના પગલા નીચે દબાઇને ચુરેચુરા થઈ ગયું છે.

દેવવ્રતઃ—હવે ખુલ્લું જણાવને, ભાઈ.

બટુકઃ—શું જણાવું ? આ બ્રાહ્મણભાઇનું ઠીકરૂં આજ ફૂટી ગયું. જાણ્યું હતું કે આપ ગાદી પર બેસશો તો આપ રાજા કહેવાશો ને હું રાજમિત્ર કહેવાઈશ. તમે રાજસુખ ત્યજ્યું, ત્યાં મારી કલ્પનાસૃષ્ટિનો નાશ

થઈ ગયો. મિત્રને રાજમુકુટ ધારણ કરેલો જોઈ આનંદ પામવાની અભિલાષા આજ નષ્ટ થઇ.

દેવવ્રતઃ—સમજ ફેર છે, વારૂ. મારી આ પ્રતિજ્ઞા અયોગ્ય અને અપવિત્ર તો નથીજને ?

બટુકઃ—બીલકુલ નહિ. આ તો **ભીષ્મપતિજ્ઞા.** પવિત્રતાની ભરેલી એ તો દૈવી પ્રતિજ્ઞા. દેવોનેએ દુર્લભ ને દુર્ઘટ.

દેવવ્રતઃ—તે પ્રતિજ્ઞા મારી કીર્તિને કલંકિત કરનારી તો નથીજને ?

બટુકઃ—નહિજ. એ પ્રતિજ્ઞા તમને આખા વિશ્વમાં ભીષ્મ બનાવશે. આપનું અખંડ બ્રહ્મચર્યવ્રત કાળને પણ હંફાવશે. આપનો સ્વાર્થ ત્યાગ આપને દેવતુલ્ય પૂજનીય બનાવશે.

દેવવ્રતઃ—તને એમ શંકા છે કે શંતનુ રાજાનો ભવિષ્યનો પરિવાર વડીલોની અવગણના કરનારો નીવડશે ?

બટુકઃ—બન્યું નથી ને બનશેએ નહિ. ઉલટું આપની આ પિતૃસેવા ને **ભીષ્મપ્રતિજ્ઞા** તેમનામાં આપના તરફ પૂજ્યભાવ ઉત્પન્ન કરશે.

દેવવ્રતઃ—બટુક, દશરથ રાજા રામચંદ્રજીના મસ્તકે સ્વહસ્તે રાજમુકુટ પહેરાવી શકયા હોત તો તેમને કેટલો બધો આનંદ થાત ?

બટુકઃ—અનહદ.

દેવવ્રતઃ—એજ અનહદ આનંદ આજ મારા હૈયામાં છે. આજ શંતનુ રાજા દેવવ્રતને ગાદી ઉપરથી ઉઠાડી

નથી મૂકતા પણ દેવવ્રત રાજકાર્યભારથી નિવૃત્ત થઈ પોતાના બંધુને શિર રાજમુકુટ પહેરાવે છે. આજ હું પુદભ્રષ્ટ યુવરાજ નથી બનતો પણ રાજપિતા બનું છું. જે મારૂં છે, તેમાં આજે કંઈજ ઓછું થયું નથી. ઉલટું મારી સત્તા, યશ, સેવા, સુખ, કલ્યાણ, એ સર્વમાં આજ સારો વધારો થયો છે. આજ હું રાજાધિરાજ બન્યો છું. કહે. એથી અધિક તારે શું જોઇએ છે?

બટુકઃ—ખરેખર, આપ કહો છો, ને કરો છો, તેજ ખરે-ખરૂં છે. હું બ્રાહ્મણુજ ભ્રમણામાં ભૂલ્યો. આપની આ **ભીષ્મપ્રતિજ્ઞા** આજથી આપના આપ્તજનોમાં બલકે સર્વ મનુષ્યોમાં આપને **ભીષ્મ** ઠેરવે છે; અને એ ભીષ્મસંબંધ મને પણ ભીષ્મ બનાવશે. ત્યારે તો હવે ઈશ્વરનેજ સૂચવવાનું કેઃ—

મંદાક્રાન્તા.

કર્તા, ભર્તા, પ્રલય કરતા, સર્વદા સૃષ્ટિઓના,
આદિ દેવા સફલ કરશો, માનુષી ઇષ્ટિઓના;
જ્ઞાની ધર્મી વડીલ જનની માની જેણે અનુજ્ઞા,
ગાંગેયાદિ વિરલ વીરની સત્ય થાપો પ્રતિજ્ઞા.

માછીરાજઃ—રાજકુમાર, પધારો.

દેવવ્રતઃ—બટુક, ચાલો.

બટુકઃ—ચાલો, મિત્ર, આવું આવું કરવું તેજ ખરેખરૂં છે.

(સર્વે જાય છે.)

પુષ્પ ૧૭ મું.

વનરાજનો જન્મ.

જયશિખરઃ—ગુજરાતનો રાજા.
સુરપાળઃ—જયશિખરનો સેનાપતિ.
અણહીલઃ--એક ભરવાડ.
ભીલો, વગેરે.
સાધનઃ--તીરકામઠું, તરવાર; ભાલા વગેરે.

પ્રવેશ ૧લો.

પંચાસરનો રાજમહેલ.

જયશિખરઃ— ઉપજાતિ છંદ

ગુર્જર તણી પોષક ગુર્જરી તું,
ને એ સુભદ્રો થકી રાજવી હું;
સંબંધ તે જાળવ્યો તેમણે તો,
આ પ્રાણ છે ગુર્જર ગુર્જરીનો.

કલ્યાણના સોલંકી રાજા ભુવડના સૈન્યનો બે વખત પરાજય કર્યા છતાં ભુવડ જાતે અગણિત સૈન્ય લઈ ગુજરાત જીતવા પંચાસર પર ચઢી આવ્યો છે. મારા ચાવડા સરદારોએ પોતાનું પૂર્ણ શુરાતન દાખવી ભુવડના ઘણા હલ્લા પાછા વાળ્યા પણ પરિણામ સારૂં આવે તેમ નથી, લાગતું. ચાવડા સરદારોનો ઘાણ નીકળી ગયો અને હવે આંગળીને વેઢે ગણાય તેટલુંજ લશ્કર બાકી રહ્યું છે. કિલ્લો પણ શત્રુઓએ તોડયો છે. આજની રાત વિચાર કરવાની છે. કાલ શું થશે તે કહી શકાય તેમ નથી, માટે જેટલી અ-

ગમચેતી વાપરવા જેવી હોય તેટલી આજ રાતે વાપરી દેવી જોઇએ. મને એક પણ સંતાનની પ્રાપ્તિ થઈ નથી અને હાલ થોડા સમય પછી સંતાન પ્રાપ્ત થવાની આશા છે ત્યાં પંચાસરની સલામતી નથી. કાલ જય થાય કે પરાજય થાય એ વાત બાજુએ રાખી રાણીને કોઈ નિર્ભય સ્થળે વિદાય કરી દેવામાં સલામતી છે. શત્રુનું સૈન્ય ચારે બાજુએ પથરાઇ રહેલું છે, તેમાંથી પસાર થઈ જવાનું કામ સુરપાળ સિવાય કોઈ કરી શકે તેમ નથી. સુરપાળને તેડવા માણસ મોકલ્યું છે; તે આવી પહોંચે તે વાતનો નિર્ણય કરી નિશ્ચિંત બનું.

સુરપાળઃ-મહારાજ, આપનો નમ્ર સેવક હાજર છે.

જયશિખરઃ—શુરવીર સુરપાળ, ભુવડની ભારે સેના સાથે શુરવીરતાથી લડતાં છતાં આપણી જીત થવી દુર્લભ છે.

સુરપાળઃ—મહારાજ, એવું આપ મા બોલો. વિજયદેવી સૈન્યને નથી વરતી પણ શૌર્ય અને સત્યને વરે છે.

જયશિખરઃ-શું શત્રુઓ કંઇ ઓછા શુરવીર છે? દિગ્વિજય કરવો એ તો એક ક્ષાત્રધર્મ છે, એટલે શત્રુના કાર્યને અસત્ય કહેવાનો શો અધિકાર?

સુરપાળઃ—નિર્દોષ રાજપ્રજાને પીડવામાં ક્ષાત્રધર્મ નથી એ વાત બાજુ પર રહી જાય છે. ઠીક, આ પત્ર વાંચો અને શત્રુઓની નીચતા વિચારો.

જયશિખર (કાગળ વાંચી):-આ તો તને મેળવી લેવા ભુવડના મુખ્ય સરદાર મિહીરનો કાગળ છે. આવી કપટ બાજી રચવી એ હલકું કાર્ય છે. ગુજરાતની

ગાદીની લાલચ આપ્યા છતાં મારો શુરવીર સરદાર સુરપાળ નિમકહરામ નથી બન્યો એ મારૂં ધનભાગ્ય છે! ત્રિલોકનું રાજ મળે તોપણ તું મને છોડે તેમ નથી એવો મારો પૂર્ણ વિશ્વાસ છે.

સુરપાળઃ—ધર્મંજય। માટે આપણો જયજ છે.

જયશિખરઃ—જયપરાજયની વાત બાજુએ મૂકી ભવિષ્યની સલામતીનો વિચાર કરવો એ ડાહ્યા માણસનું લક્ષણ છે. આજની રાતજ વિચાર માટે છે. રાણી સગર્ભા છે. તેમને આજ રાત્રે કોઇ નિર્ભય સ્થાનકે પહોંચાડી દેવાની ગોઠવણ કરવાની ખાસ જરૂર છે.

સુરપાળઃ—મહારાજ, એ વિચાર આપનો માન્ય કરવા જોગ છે. સૈન્યમાંથી સારા વિશ્વાસુ માણસો ચૂંટી કાઢી રાણીજીને વિદાય કરી દઇએ.

જયશિખરઃ—એ કામ તારે જાતેજ કરવું જોઇએ.

સુરપાળઃ—આવા અણીના પ્રસંગે હું આપને નહિ છોડી શકું. હું તો જીવતા સુધી આપની સાથે રહીનેજ લડીશ. 'ગુર્જરેશ્વરને ખરે પ્રસંગે છોડી દઈ ભાઇબેન નાસી ગયાં' એવો ડાઘ હું મારા નામને નહિ લાગવા દઉં.

જયશિખરઃ—મારા શાણા સુરપાળ, તું સમજુ થઈ કેમ ભૂલે છે. માસ કે તારા સિવાય આ કાર્ય બીજા કોઇને સોંપવું યોગ્ય નથી. જો હું જાઉં તો કાયરમાં ખપું. તું ગુર્જરીનો સાચો સેવક છે. ગુર્જરીનું ભવિષ્ય ઉજવળ રાખવાનું આ કાર્ય તું કરશે તો તારી કીર્તિ

વધારે ઉજ્વળ થશે. મારી સાથે લડીને મરવું તે કરતાં રાણીનો બચાવ કરી ભવિષ્યમાં ગુર્જરીને રાજરત્ન સોંપડે તેના સહાયક બની શત્રુના હાથમાંથી ગુર્જરીનો બચાવ કરવો એ વિશેષ મહત્ત્વનું કાર્ય છે. પંચાસર હાલ ભરદરીએ છે. તેનો બચાવ થવો મુશ્કેલ છે. સમય વર્તમાનનો વિચાર કરવાનો નથી પણ ભવિષ્ય સંભાળવાનો છે; માટે વાદવિવાદ કરવામાં સમય વ્યતીત ન કરતાં આ કાર્ય તું સત્વર અટોપી લે.

સુરપાળઃ–મહારાજની જેવી આજ્ઞા. રાણીને નિર્ભય સ્થળે મૂકી સત્વર તમારી સહાયમાં આવી પહોંચવા જેટલી કાળજી તો હું રાખીશજ.

જયશિખરઃ–તું પાછો આવે તે કરતાં તેમની સંભાળમાં રહે એ વધારે ઇચ્છવા જોગ છે. છતાં સમયે તારે જે કરવુ હોય તે કરજે, પણ રાણીને જોખમમાં મૂકીને આવવાની ઉતાવળ કરીશ નહિ હાં. સાથે વિમળાને લેતો જજે સંકટના સમયમાં રાણીને એ આશીર્વાદ સમાન થઇ પડશે. જા હવે સત્વર જા,

સુરપાળઃ–આ ચાલ્યો મહારાજ (સુરપાળ જાય છે.)

જયશિખરઃ–હાશ હવે હું નિશ્ચિંત થયો. હવે પ્રાણ જાય તેની પરવા નહિ, પણ ભુવડને બતાવું તો ખરો કે ગુજરાતમાં કેવા શૂરવીરો પાકે છે. (જાય છે)

પ્રવેશ ૨ જો.

સુરપાળઃ–ગુજરાતનો નાથ હણાયો, ગુજરાત પરાધીન થયું; છતાં ભુવડને શાંતિ ન વળી. અમારી શોધમાં તેમનાં

માણસો ફર્યા કરે છે, ને નિર્દોષ ભીલો પર ત્રાસ વર્તાવે છે. જે ભીલો પોતાના રાજાની ખાતર આ જુલમ મુગે મોંએ સહન કરે છે, તેમને લાખોવાર ધન્યવાદ ઘટે છે.

અણહીલ:–બાપુ, મહારાજે ગુજરાતની પ્રજા ખાતર ઓછું શુરાતન બતાવ્યું છે! એમનો જોટો તો નહિ જડે. ભુવડની છાતીમાં મહારાજે મારેલી લાત હજુ તે નહિ વિસર્યો હોય. મસ્તક કપાયા છતાં ત્રણ દિવસ સુધી મહારાજનું ધડ ઝઝુમ્યું એ એમની શુરવીરતા ગુજરાતના લોકો કદાપિ નહિ વિસરે. ગુર્જર અને ગુર્જરી માટે એ આત્મસમર્પણ કરનારનું ઋણ અમે ગુજરાત વાસીઓ નહિ વાળી શકીએ તે નહિજ વાળી શકીએ.

સુરપાળ:—અણહીલ, રાણીજીના શા સમાચાર છે?

અણહીલ:—બાપુ, તેની ચિંતા આપે ન કરવી. અમારો પ્રાણ જતાં પણ તેમનું જતન કરીશું. ભુવડનાં માણસો આવી પહોંચવાથી તેમને ઝાડના પોલાણમાં સંતાડવાં પડયાં હતાં. ધન્ય છે તેમની સહનશકિતને. એજ ઝાડની નજીક ત્રણ દિવસ સુધી ભુવડનાં માણસોએ મુકામ કર્યા છતાં રાણીબાએ ભૂખતરસ વેઠી જરાએ ખબર પડવા દીધી નથી. હવે રાણીજીને પાછાં ઝુંપડીમાં લાવવામાં આવ્યાં છે. વિમળાબા કહેતાં હતાં કે રાણીબાને આજ બેચેની છે.

સુરપાળ:—તો તમે સત્વર ઝુંપડી તરફ જાઓ. તેમની

બરાબર સંભાળ રાખો. ગુજરાતનું ને મહારાજનું એ છેલ્લું ધન છે. મહારાજની આશાનો એ ઉદય છે, માટે સત્વર તેમની સેવામાં તમે લાગી જાઓ.

(અણહીલ જાય છે.)

સુરપાળ–ગુજરાતમાં જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી ભુવડને સુખે નહિ બેસવા દઉં. જો ઇશ્વરેચ્છાએ રૂપસુંદરીને પુત્રરત્ન સાંપડે તો મહારાજનું વેર વાળી એ ગુર્જરેશ્વરના વંશજને ગુજરાતની ગાદીએ બેસાડું.

ભીલઃ—મહારાજ, ગુર્જરેશ્વરનો જય. બાપુ, બાપુ. વધામણી. રાણીબાને પુત્ર સાંપડયો છે.

સુરપાળઃ—શું કહે છે ? મહારાજનું સ્વપ્ન સાચું પડયું ! જય પ્રભુ. ગુજરાતની લાજ તેં રાખી. અહાહા, મહારાજના આત્માને પણ કેટલી શાંતિ મળશે. હવે રાજધનનું જતન કરૂં, તેને યોગ્ય કેળવણી આપું અને ‘રાણીને પુત્ર સાંપડશે તો તે મારૂં વેર વાળી ગુજરાતની ગાદી પાછી મેળવશે’ એ મહારાજની છેલ્લી આશા પૂર્ણ કરૂં.

ભીલઃ—બાપુ, રાણીજીએ જોશીજીને તેડાવ્યા હતા. જોશીજીએ ભવિષ્ય ભાખ્યું છે, કે તે જરૂર આગળ જતાં રાજા થશે.

સુરપાળઃ—તથાસ્તુ. ચાલો ત્યારે એ ગુજરાતના ભવિષ્યના રાજાની સેવામાં હાજર થઈ જઈએ.

(જાય છે.)

૧.

સ્તુતિ.

કલ્યાણ.

કલાધર કર મયા,
શિવકર; ગુણીવર નાયક, સત્ય સહાયક;
દાયક સુખનિધિ ભુવન નયન તુંહિ,—કલા૦
,, મંગલ દેવા, ધ્યાન ધરત શુચિ,
સુરનર ગાવત વ્યાપક તુજ ગુણ;
બાલક તવ પ્રતિ પ્રગતિ ચહત નમી;—કલા૦

૨.

આવકાર (૧)

ધન ભાગ્ય મારે આંગણ આવ્યા—એ રાહ.

મહેમાન શાણાં સદન સુહાવ્યાં હર્ષિત બાલસમાજ,
સ્વીકારો આજ અનુપમ સ્નેહભર્યાં સન્માન;—મહેમાન.
સુજ્ઞ જનોનો પુણ્ય સમાગમ, પ્રગટયો પુણ્ય પ્રભાવ,
આનંદે-શુચિ પુલકિત હૃદયે દઈએ....(૨) આદરમાન-સ્વીકરો.
સુજ્ઞ જનોને યોગ્ય પુજનનાં અબુધ નાનાં બાલ,
રસભીનાં-શિશુ કુસુમ સમર્પી પ્રણમી....(૨) દે સન્માન-સ્વીકારો.

૨.

આવકાર (૨)

કલ્યાણ.

ધન ભાગ્ય અમારાં બાલનાં સૌ મીઠડાં મહેમાન પધાર્યા.
મોંઘાં મુક્તાફળ મળવાં,
સોંઘાં ના રત્ન ભૂતળમાં;

સજ્જનના સંગનાં અનુરંજનો, મધુ ગુંજનો,
સદ્ભાગ્ય વિના મળવાં નહિ સહેલાં. ધન૦
નિર્ધનનાં દાન તેવાં,
બાળકનાં માન દેવાં;
દીલના દરિઆવ છો, બહુ માનમાં, સહુ બાલનાં,
સ્વીકારજો સન્માન અમારાં–ધન૦

૪.

બાલસેવા સમિતિ.

રાગ ભીમપલાસ.

દયામય સુહાવજો સૌ અંતરભાવ અમારા,
અમે બાલક દેવ તમારાં.
બાલતણી સેવા સમિતિમાં, સૌ રસબસ થઈ રમનારાં;–અમે.
દુઃખીઆનાં દુઃખને દળનારી, રોતાનાં આંસુ લુછનારી;
જનસેવાની કાર્યગુહામાં, સૌ સુખત્યાગી વસનારાં;—અમે.
પ્રાણી માત્ર સરજ્યાં ઈશ્વરનાં, દિવ્ય ભૂમિ ભારત જનનીનાં;
આંગ્લ રાજ્યના શાંતિ સદનનાં, સૌ હિતચિંતન કરનારાં;–અમે.

૫.

હિંદના ખનીજો.

સવૈયા. (ભૈરવી.)

યોગીઃ—ભારતભૂમિ તળે સંતાયાં, શોધાયાં જે દ્રવ્ય અહો,
ક્યાં કોની શાથી વિખ્યાતિ, છતાં થઇ જગને જણુવો.
સોનુંઃ—મોંઘું પણ રંગે ચળકાટે માનવદેહ દીપાવું છું,
ધારવાડ મ્હૈસુર આણુમાં પરદેશે ખોદાઉં છું.

ઝવેરાતઃ—નિઝામશાહ્યે હીરા પાકે, બ્રહ્મદેશ માણેક માટે,
બુંદેલખંડે પન્નાં થોડાં, કિંમતને ધનિકો જાણે.

લોઢું:—દેશ બધામાં વ્યાપેલો પણ કાળિદાસ રિસાઇ ગયા,
હું જ્યાં ત્યાં તેનો નહિ વાસો જન સઘળા નિરાશ રહ
ઘરઘરની વપરાતી ચીજો ઘણી ઘડાઇ મુજ તનની,
મશીનરીની વાત ન પૂછો, ખામી ખોદાવાની રહી.

કોલસો:—હું કાળો પણ કામણગારો, ચાલુ ગતિનો જગભાવિ,
ધાતુઓ છોને મલકાતી હરખાતી ને મનભાવી.
કંઈ કંઈ સંતાયાં મુજ ઉરમાં વિખ્યાતિ જગમાં મા
રાણીગંજ બનકુરા મધ્યે બિહારમાં પણ બિલહારી

કેરોસીન:—રાત અંધારી કરૂં ઉજાળી, મશીનરીનો ચાલાક છું,
બ્રહ્મદેશની ખીણોમાં પણ અલકમલકનો માનત છું

પ્લંબેગો:—પેન્સીલમાં જે કાળું ભાળો,સીસું કહી મુજ નામ બગાર
પ્લંબેગો છે ખરૂં નામ એ ત્રાવણકોરમાં જઈ ભાળો

પત્થર:—અકીક આરસ પત્થર સઘળા, ગુર્જરભૂમિના વાસી,
શી કરવી અમ ગુણની ગણના અંતર જાણે ખૂબ ખાર

મેંગેનિઝ:—ચકચકતા તારામંડળના તારાગણ ઉડતા ભાળો,
મધ્યહિંદ શિવરાજપુરની ખાણોમાં ખોદી કાઢો.

અબરખ:—ચકચકતો કાગળ જેવો હું છોટાનાગપુરનો વાસી,
અમનગરમાં આછો આછો નાનાંનો છું સુખરાશિ.

કલાઈ:—તાંબુ પિત્તળ હુંથી વ્હાલું, શરીર તેનાં હું ઉજાળું,
બ્રહ્મદેશના ટીનાસરીમની ખાણોમાં પુષ્કળ મ્હાલું.

ચોગી:—તાંબુ સીસું બંગાળાનું પંજાબી મીઠું પ્યારૂં,
મનાર ને કચ્છી ખાડીમાં પાકે છે મોતી ચારૂ.

ભારતમાં ખામી છે નહિ, પણ ભાવિ દુર્બળ ભાસે છે,
આળસનો વાસો છે, જેથી ધન વિણ સૌકો ત્રાસે છે.

૬.

વિદાય.

રાગ ભૈરવી.

કરજો કૃપા પુનઃ મહેમાનો;
માનસસરનાં રાજહંસ સૌ,
દેજો દર્શન દાનો—કરજો.
આજ અમારા રંક સદનમાં,
દેવ દયા કરી આવ્યા;
જ્ઞાનસરોના નિર્મળ નીરનો,
દીધો અનુપમ લ્હાવો—કરજો.
ભાવ ભરી ના આવડી સેવા,
કીધાં નહિ ગુણગાનો;
સુજ્ઞ જનોને યોગ્ય અમોએ,
દીધાં નહિ સન્માનો-કરજો.

ભાગ ૧લો સંપૂર્ણ.

બાળકો માટેનાં પુસ્તકો—

સદ્બોધ વાર્તાવલિ, ભાગ ૧-૨

લેખક સ્વ. નારાયણ હેમચંદ્ર. દરેક **ભાગની કિંમત પાંચ આના.**

કલ્પિત નહિ પણ સાચા બનાવોની બાળકોને ધડો લેવા જેવી નાની નાની વાતોનો સંગ્રહ. આમાં નીચે પ્રમાણે વિષયોનાં પ્રકરણો છે: (૧) જીવનનું પરિવર્તન. (૨) કર્તવ્યપરાયણતા. (૩) દયા. (૪) સત્યનિષ્ઠા. (૫) ન્યાય. (૬) વિશ્વાસ.

ચાર વર્ષનું બાળક.

(શ્રીબોધના 'બાળક' વિભાગનું પાકું બાંધેલું પુસ્તક)

ખાસ બાળકો માટેજ લખાયેલા ઉપદેશક લેખો, કવિતાઓ, નાની નાની વાતો, સંવાદો, જીવનચરિત્રો, સિંહાસન બત્રીસીની આઠ વાર્તાઓ, રામાયણની બાર વાતો વગેરે અનેક જાતના લેખોથી ભરપુર. લગભગ ૩૦૦ પૃષ્ઠ અને કેટલાંક ચિત્રો સાથે. પાકું પુઠું. **કીંમત રૂ. બે.**

પાંચમા વર્ષનું બાળક.

"શ્રીબોધ"ના "**બાળક**" વિભાગના ઇ. સ. ૧૯૨૪ ની સાલના ખાસ બાળકો માટેજ લખાયલા નાના નાના લેખો, કાવ્યો, સંવાદો, ચરિત્રો, સિંહાસન બત્રીસીની વાતો, રામાયણની વાતો, બાળકો રસપૂર્વક વાંચે તેવી બોધ લેવા લાયક ટુંકી ટુંકી વાતો વગેરેનો લગભગ ૩૦૦ પાનાંનો સંગ્રહ. પુંઠું પાકું. **કીંમત રૂ. દોઢ.**

છઠ્ઠા અને સાતમા વર્ષનું બાળક.

શ્રીબોધના "**બાળક**" વિભાગનું ઈ. સન ૧૯૨૫ તથા ૨૬ ની સાલનું ઉપર પ્રમાણેના લેખોથી ભરપૂર જુદું જુદું બાંધેલું પુસ્તક. **દરેકની કીંમત રૂ. દોઢ.**

આ ચારે પુસ્તક સાથે લેનારને રૂ. સાડા છને બદલે રૂ. પાંચમાં મળશે. ટપાલ ખર્ચ જુદું